



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 113 | AD - 2026, Maha Sud - 11 | Thursday, Dt. 29-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## પ્લેનમાં સવાર ના.મુખ્યમંત્રી સહિત પાંચ લોકોના મોત, પીએમ મોદીએ ઘટના પર દુઃખ વ્યકત કર્યું

# મહારાષ્ટ્રના બારામતીમાં પ્લેન ક્રેશ : નાયબ મુખ્યમંત્રી અજીત પવારનું નિધન

ઈન્ડીયા ભાસ્કર,તા.૨૮

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું નિધન થયું છે. બુધવારે સવારે ૮.૪૫ વાગ્યે બારામતી એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન તેમનું ચાર્ટર્ડ પ્લેન ક્રેશ થયું હતું. તેઓ ૬૬ વર્ષના હતા. અકસ્માતમાં પવારના સુરક્ષાકર્મી, બે પાઈલટ અને એક મહિલા ક્રૂ મેમ્બર સહિત ૫ લોકોના જીવ ગયા છે. પવાર મહારાષ્ટ્ર પંચાયત ચૂંટણી માટે જનસભાને સંબોધવા બારામતી જઈ રહ્યા હતા. તેઓ મુંબઈથી સવારે ૮.૧૦ વાગ્યે રવાના થયા હતા. મહારાષ્ટ્ર એવિએશન ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, પાઈલટે સવારે ૮.૪૫ વાગ્યે બારામતી એરપોર્ટ પર લેન્ડિંગનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રનવે સ્પષ્ટ દેખાયો નહીં એટલે તે વિમાનને ફરીથી ઊંચાઈ પર લઈ ગયો હતો. પહેલો પ્રયાસ નિષ્ફળ રહ્યા બાદ બારામતીના રનવે-૧૧ પર ફરીથી લેન્ડિંગનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન વિમાન રનવે પરથી લપસીને ક્રેશ થઈ ગયું અને તેમાં આગ લાગી ગઈ. માહિતી મળી છે કે લેન્ડિંગ દરમિયાન પાઈલટે કોઈ ઈમરજન્સી સિગ્નલ આપ્યું નહોતું. તેણે 'મેડે' કોલ પણ કર્યો નહોતો. મહારાષ્ટ્રના CM દેવેન્દ્ર ફડણવીસ મુંબઈથી બારામતી જવા રવાના થયા હતા. તેમણે આજે શાળાઓમાં રજા અને ૩ દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે. પવારના અંતિમ સંસ્કાર બારામતીમાં





કરવામાં આવે તેવી શક્યતા છે. અજિતના કાકા શરદ પવાર બારામતી હોસ્પિટલ પહોંચી ગયા હતા, જ્યાં તમામ મૃતદેહો લાવવામાં આવ્યા હતા. બીજી તરફ, એરક્રાફ્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો એટલે કે AAIBએ અકસ્માતની તપાસ શરૂ કરી દીધી છે. તપાસ એજન્સીની એક ટીમ દિલ્હીમાં વિમાનની ઓપરેટર કંપની VSR વેન્ચર્સની ઓફિસે પહોંચી હતી. બીજી ટીમ બારામતી જવા રવાના થઈ હતી. આ દરમિયાન VSR વેન્ચર્સે જણાવ્યું છે કે પાઈલટ પાસે ૧૬ હજાર કલાકનો ફ્લાઈંગ એક્સપિરિયન્સ હતો. વિમાનના કો-પાઈલટ પાસે ૧૫૦૦ કલાકનો એક્સપિરિયન્સ હતો. કંપનીએ દાવો કર્યો છે કે એરક્રાફ્ટમાં કોઈ ટેકનિકલ ખામી નહોતી.

અજિત પવારની પાર્ટી NCP ભાજપ-શિવસેના મહારાષ્ટ્રની ગઠબંધન સરકારમાં સામેલ છે. તે મળીને પાર્ટીના કુલ ૪૧ ધારાસભ્યો હતા. તેઓ પોતે નાયબ મુખ્યમંત્રી હતા. તેમના સિવાય ૭ કેબિનેટ અને ૧ રાજ્ય મંત્રી છે.

### પીએમ મોદીએ શરદ પવાર સાથે વાત કરી શોક વ્યકત કર્યો

પીએમ મોદીએ અજિત પવારના કાકા અને NCP-SPના નેતા શરદ પવાર સાથે વાત કરી હતી અને બારામતીમાં પ્લેન ક્રેશમાં મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજિત પવારના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. શરદ પવાર બારામતી હોસ્પિટલ પણ પહોંચ્યા, જ્યાં અજિત પવાર સહિત તમામ મૃતકોના પાર્થિવ દેહ રાખવામાં આવ્યા હતા. રિપોર્ટ્સ મુજબ અજિત પવારના અંતિમ સંસ્કાર આજે બારામતીમાં કરવામાં આવે તેવી શક્યતા છે. તેમના અંતિમ સંસ્કારમાં પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સામેલ થશે. તેઓ આજે બારામતી પહોંચશે.

# જમ્મુ-કાશ્મીરના સોનમર્ગમાં હિમપ્રપાતને કારણે અનેક હોટલોને ભારે નુકસાન

શ્રીનગર,તા.૨૮

જમ્મુ-કાશ્મીરના સોનમર્ગમાં સતત ચાલુ હિમવર્ષાને કારણે મંગળવારે રાત્રે એવલાંચ (હિમપ્રપાત) થયો હતો. આ હિમપ્રપાતમાં હાલમાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ અનેક હોટલોને નુકસાન પહોંચ્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે હિમપ્રપાત મંગળવારે રાત્રે ૧૦.૧૨ વાગ્યે મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં આવેલા સોનમર્ગ રિસોર્ટમાં થયો હતો. બચાવ ટુકડીઓને ઘટનાસ્થળે



રવાના કરી દેવામાં આવી છે. અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે તેઓ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. જમ્મુ-કાશ્મીર અને અન્ય પહાડી રાજ્યોમાં સતત હિમવર્ષા ચાલુ છે. તેને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે એવલાંચનું એલર્ટ જાહેર કર્યું હતું. મંગળવારે ભારે હિમવર્ષાને કારણે જમ્મુ-શ્રીનગર હાઈવે બંધ રહ્યો. આ સાથે શ્રીનગર એરપોર્ટ પર તમામ ફ્લાઈટ્સ રદ થતાં લોકોને ઘણી મુશ્કેલી પડી. ઈમરજન્સી સેવાઓ અને સશસ્ત્ર દળોની અવરજવરમાં પણ આનાથી અવરોધ આવ્યો. અધિકારીઓએ જણાવ્યું કે બચાવ અને રસ્તા સાફ કરવાની કામગીરી સતત ચાલુ છે. શ્રીનગર એરપોર્ટ પર, આવનારી ૨૯ અને જનારી ૨૯ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે સતત હિમવર્ષાને કારણે રનવે ઓપરેશન માટે અસુરક્ષિત બની ગયો હતો.

# વિશ્વમાં સૈન્ય મામલે સૌથી શક્તિશાળી ૧૪૫ દેશોમાં પાકિસ્તાનને પછાડી ભારત ચોથા ક્રમે

ન્યુ દિલ્હી,તા.૨૮

વિશ્વભરમાં વધતા ભૌગોલિક તણાવ વચ્ચે 'ગ્લોબલ ફાયરપાવર' (GFP) દ્વારા વર્ષ ૨૦૨૬ની વાર્ષિક સૈન્ય રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. ૧૪૫ દેશોના સૈન્ય સામર્થ્યના વિશ્લેષણમાં ભારતે દુનિયાની ચોથી સૌથી શક્તિશાળી સેના તરીકે પોતાની સ્થિતિ મજબૂત રાખી છે. બીજી તરફ, પાકિસ્તાન માટે આ રિપોર્ટ અત્યંત નિરાશાજનક રહ્યો છે, જે હવે ટોપ-૧૦ માંથી બહાર ફેંકાઈને ૧૪મા સ્થાને





પહોંચી ગયું છે. નિષ્ણાતોના મતે, પાકિસ્તાનના આ પતન પાછળ ભારત દ્વારા કરવામાં આવેલું 'ઓપરેશન સિંદૂર' મુખ્ય કારણ છે. આ ઓપરેશનમાં ભારતીય સેનાએ પાકિસ્તાની સૈન્ય માળખા અને આતંકી શિબિરો પર સટીક હુમલા કરીને તેમની સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલી નાખી હતી. આ હાર અને આર્થિક કટોકટીને કારણે પાકિસ્તાની સેનાની ક્ષમતામાં સતત ત્રીજા વર્ષે ઘટાડો નોંધાયો છે. ભારતે 'આત્મનિર્ભર ભારત' હેઠળ સ્વદેશી હથિયારોના નિર્માણ અને સંરક્ષણ બજેટમાં વધારો કરીને અમેરિકા, રશિયા અને ચીન પછી પોતાની મજબૂત પકડ જાળવી રાખી છે. ૨૦૨૬નું આ લિસ્ટ સ્પષ્ટ કરે છે કે દક્ષિણ એશિયામાં ભારતનો દબદબો હવે પહેલા કરતા વધુ પ્રબળ બન્યો છે. અમેરિકા ગ્લોબલ ફાયરપાવર ૨૦૨૬ ની યાદીમાં ફરી ટોચના ક્રમે યથાવત્ છે. જ્યારે રશિયા ૦.૦૭૯૧ ના સ્કોર સાથે દુનિયાની બીજી સૌથી મોટી સૈન્ય તાકાત છે. ચીન આ યાદીમાં ત્રીજા ક્રમે છે અને તેના પાછી ભારતનો ક્રમ આવે છે.

## રાષ્ટ્રપતિએ ૪૫ મિનિટના ભાષણમાં વીબી-જી, રામ-જીનો ઉલ્લેખ થતા વિપક્ષનો હોબાળો

# લોકસભા-રાજ્યસભાની સંયુક્ત બેઠક રાષ્ટ્રપતિના સંબોધન સાથે શરૂ

ન્યુ દિલ્હી,તા.૨૮

૧૮મી લોકસભાના બજેટ સત્રનો પ્રથમ ભાગ બુધવારે લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધન સાથે શરૂ થઈ ગયો છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે સરકાર દેશમાં આર્થિક પ્રગતિ અને સામાજિક ન્યાય માટે પ્રતિબદ્ધ છે. સરકાર ભ્રષ્ટાચાર અને કૌભાંડોનો સામનો કરવામાં સફળ રહી છે. રાષ્ટ્રપતિએ ૪૫ મિનિટના ભાષણમાં VB- જી રામ જી કાયદાનો પણ ઉલ્લેખ કર્યો.




આના પર વિપક્ષે હોબાળો કર્યો અને કાયદો પાછો ખેંચોના નારા લગાવ્યા. બીજી તરફ, NDA સાંસદોએ સમર્થનમાં નારા લગાવ્યા. પીએમ મોદી અને અમિત શાહ પણ ટેબલ થપથપાવતા જોવા મળ્યા. બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીથી ૨ એપ્રિલ સુધી ચાલશે. તે બે ભાગમાં હશે. પ્રથમ ભાગ ૨૮ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી સુધી અને બીજો ભાગ ૯ માર્ચથી ૨ એપ્રિલ સુધી રહેશે. આ દરમિયાન કુલ ૩૦ બેઠકો યોજાશે. ૨૮ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરીના રોજ કોઈ શૂન્યકાળ રહેશે નહીં. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, 'શ્રી ગુરુ તેગ બહાદુરજીએ આપણને શીખવ્યું - 'ભય કાહું કો દેત નહીં, નહીં ભય માનત આન', એટલે કે આપણે કોઈને ડરાવીએ નહીં અને કોઈનાથી ડરીએ પણ નહીં. આ જ નિર્ભય મન અને ભાવના સાથે આપણે દેશની સુરક્ષા સુનિશ્ચિત કરી શકીએ છીએ. ઓપરેશન સિંદૂરથી ભારતીય સેનાનું શૌર્ય આખી દુનિયાએ જોયું છે. ભારતીય સેનાએ આતંકી અડ્ડાઓને ધ્વસ્ત કર્યા. મિશન સુદર્શન ચક્ર પર કામ ચાલી રહ્યું છે. દેશે તાજેતરમાં શ્રી ગુરુ તેગ બહાદુરજીનો ૩૫૦મો શહીદી દિવસ, બિરસા મુંડાની ૧૫૦મી જયંતી, સરદાર પટેલની ૧૫૦મી અને ભારત રત્ન ભૂપેન હજારિકાનો જયંતી સમારોહ ઉજવ્યો. જ્યારે દેશ પોતાના પૂર્વજોના યોગદાનને યાદ કરે છે, ત્યારે નવી પેઢીને પ્રેરણા મળે છે, જે વિકસિત ભારત તરફની આપણી યાત્રાને વધુ વેગ આપે છે. વિશ્વ આજે મુશ્કેલ સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે.

# ઉત્તરાખંડના ચારધામમાં હિન્દુ, શીખ, જૈન, બોધ્ધ ધર્મના અનુયાયીઓને જ પ્રવેશ આપવામાં આવશે

દહેરાદૂન,તા.૨૮

ઉત્તરાખંડના પવિત્ર ચારધામ મંદિર બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમનોત્રીમાં પ્રવેશને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે મંદિર સમિતિઓએ સ્થિતિ સ્પષ્ટ કરી છે. ગંગોત્રી મંદિર સમિતિ અને બદ્રી-કેદાર મંદિર સમિતિ (BKTC)એ જણાવ્યું છે કે ધામોમાં હિન્દુઓ ઉપરાંત શીખ, જૈન અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓને જ પ્રવેશ આપવામાં આવશે. આ નિર્ણયનો હેતુ ધામોની સદીઓ જૂની શ્રદ્ધા, શિસ્ત અને શુદ્ધતા જાળવી રાખવાનો છે. BKTCના પ્રમુખ હેમંત દ્વિવેદીએ બંધારણીય જોગવાઈઓનો હવાલો આપતા જણાવ્યું હતું કે,



'ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૫ મુજબ શીખ, જૈન અને બૌદ્ધ ધર્મના લોકો સનાતન પરંપરાનો જ અભિન્ન ભાગ છે, તેથી તેમને પ્રવેશમાં કોઈ અવરોધ રહેશે નહીં. અનુચ્છેદ ૨૬માં ધાર્મિક સંસ્થાઓને તેમની પરંપરાઓ અને પૂજા પદ્ધતિઓનું રક્ષણ કરવાનો અધિકાર આપે છે. દ્વિવેદીએ સ્પષ્ટ કર્યું કે બદ્રીનાથ અને કેદારનાથ કોઈ પિકનિક સ્પોટ નથી પરંતુ સર્વોચ્ચ આધ્યાત્મિક કેન્દ્રો છે, જેની મર્યાદા જળવાવી અનિવાર્ય છે.'






# તેજી : ૧૦ ગ્રામ સોનાના રૂા. ૧.૬૩ લાખ, ૧ કિલો ચાંદીના રૂા. ૩.૬૧ લાખ

મુંબઈ,તા.૨૮

ચાંદી-સોનાના ભાવ સતત ત્રીજા દિવસે ઓલટાઈમ હાઈ પર છે. ૨૮ જાન્યુઆરીએ એક કિલો ચાંદીની કિંમત ૧૭,૨૫૭ રૂપિયા વધીને ૩,૬૧,૮૨૧ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) એ આ માહિતી આપી છે. બે દિવસમાં ચાંદી ૪૪,૧૧૬ રૂપિયા મોંઘી થઈ છે. આ પહેલા શુક્રવારે તેની કિંમત રૂ.૩,૧૭,૭૦૫ રૂપિયા પ્રતિ કિલો હતી. આ વર્ષે અત્યાર સુધીમાં માત્ર ૨૮ દિવસમાં જ તે



૧.૩૧ લાખ રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. જ્યારે, ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ ૪,૯૨૬ રૂપિયા વધીને ૧,૬૩,૮૨૭ રૂપિયા પર પહોંચી ગયો છે. બે દિવસમાં સોનું ૯,૫૧૭ રૂપિયા મોંઘું થયું છે. આ પહેલા સોનાનો ભાવ ૨૩ જાન્યુઆરીએ ૧,૫૪,૩૧૦ રૂપિયા/૧૦g હતો.




**૨૦ કરોડના ખર્ચે બનેલા મંદિરમાં બાપાને ૧૦ ફૂટનો રોટલો ધરી વર્લ્ડ રેકોર્ડ સ્થાપવામાં આવશે**

# ફતેપુર ગામે ભોજલરામ બાપાના મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

**મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સુપ્રસિદ્ધ મોરારીબાપુ પણ આપશે હાજરી**

અમરેલી,તા.૨૮

અમરેલી તાલુકાના ફતેપુર ગામ, જે પૂજ્ય સંત શિરોમણી ભોજલરામ બાપાની પાવન ધરતી છે, ત્યાં બાપાનું ૨૦ કરોડના ખર્ચે અત્યંત ભવ્ય અને સુંદર નવનિર્મિત મંદિર નિર્માણ પામ્યું છે. આ મંદિરનો ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી ફેબ્રુઆરી મહિનાની ૪, ૫ અને ૬ તારીખે ભવ્ય રીતે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ત્રણ દિવસ અલગ અલગ કાર્યક્રમો સાથે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. અમરેલી તાલુકાના ફતેપુર ગામે આગામી ૪, ૫ અને ૬ ફેબ્રુઆરીએ સંત શિરોમણી ભોજલરામ બાપાના ભવ્ય મંદિરની પ્રતિષ્ઠાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ દરમિયાન સમગ્ર ગુજરાતનો લોહાણા સમાજ એકત્રિત થઈને ૧૦ ફૂટનો વિશાળ રોટલો તૈયાર કરી પૂજ્ય ભોજલરામ બાપાને અર્પણ કરશે, જે એક નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપશે. આ મંગલ પ્રસંગે આંતરરાષ્ટ્રીય



કથાકાર મોરારીબાપુ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ અનેક નામી-અનામી સાધુ-સંતો અને રાજકીય આગેવાનો, નેતાઓ ઉપસ્થિત રહેશે. તેમજ ભારતભરના સેવકો ઉપરાંત લંડન, યુકે અને કેનેડાથી પણ મોટી સંખ્યામાં ભક્તજનો હવનમાં જોડાવા અને દર્શનનો લાભ લેવા પધારશે. જેમાં પ્રથમ દિવસે મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવશે અને હવનના સ્થળ પર શાસ્ત્રોક્ત વિધિ શરૂ થશે. બીજા દિવસે વિશાળ ધર્મસભાનું આયોજન છે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સંતો હાજરી આપશે. ત્રીજો દિવસ મહોત્સવના અંતિમ દિવસે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થશે. મહોત્સવના ત્રણેય દિવસ દરમિયાન સવારનો નાસ્તો, બપોરનું અને રાત્રિનું ભોજન વીરપુર જલારામ બાપાની જગ્યા તરફથી રાખવામાં આવ્યું છે. આયોજકો દ્વારા પાર્કિંગ, વિશાળ મંડપ, વીઆઈપી અને જનરલ રસોડાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે જેથી આવનાર કોઈપણ ભક્તને અગવડ ન પડે. આ ભવ્ય મહોત્સવનો લાભ લેવા માટે ભોજલધામના મહંત અને આયોજકો દ્વારા તમામ શ્રદ્ધાળુઓને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. માયાભાઈ આહિર, હિતેશ અંટાળા અને ફરીદા મીર જેવા લોકગાયકોના ડાયરાની રમઝટ બોલશે.

## લાઠીમાં અજાણ્યા શખ્સે યુવકને છરીના ઘા ઝીંક્યા

લાઠી, તા. ૨૮

લાઠી શહેરમાં અસામાજિક તત્વોનો ત્રાસ વધી રહ્યો હોય તેમ વધુ એક હિંસક ઘટના સામે આવી છે. અહીં એક યુવકને અજાણ્યા શખ્સે કારણ વગર ગાળો આપી છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. રવિભાઈ વિનુભાઈ ડાભી (ઉ.વ.૧૯)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, મળતી માહિતી મુજબ, લાઠીમાં રહેતા ફરિયાદી યુવકને કોઈ અજાણ્યા શખ્સે રસ્તામાં આંતરીને અચાનક ગાળો આપવાનું શરૂ કર્યું હતું. તેઓ કંઈ સમજે તે પહેલાં જ ઉશ્કેરાયેલા હુમલાખોરે પોતાની પાસે રહેલી છરી વડે ફરિયાદી પર હુમલો કરી દીધો હતો. હુમલાખોરે તેમને વાંસાના ભાગે છરી મારતા ત્યાં બે જગ્યાએ ઉજરડા જેવી ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ અજાણ્યો શખ્સ ત્યાંથી નાસી છૂટ્યો હતો. જાહેરમાં થયેલા આ હુમલાને કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

## જાફરાબાદના ચિત્રાસર ગામે ટ્રેક્ટર પાર્ક કરવા બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું

**જાનથી મારી નાખવાની ધમકી આપી**

જાફરાબાદ, તા.૨૮

જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ગામે સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘર પાસે ટ્રેક્ટર રાખવા જેવી નજીવી બાબતે થયેલા ઝઘડામાં ત્રણ શખ્સોએ એકસંપ થઈ બે ભાઈઓ પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે વિપુલભાઈ પાલાભાઈ ભાલીયા (ઉ.વ.૨૧) એ સુખાભાઈ મંગાભાઈ ચૌહાણ, સાગરભાઈ મંગાભાઈ ચૌહાણ તથા કાનાભાઈ માધાભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની વિગતો મુજબ, ફરિયાદીના ભાઈ અને આરોપીઓ વચ્ચે ઘર પાસે ટ્રેક્ટર મૂકવા બાબતે માથાકૂટ ચાલી રહી હતી. આ સમયે ફરિયાદીએ વચ્ચે પડી ઝઘડો કરવાની ના પાડતા ઉશ્કેરાયેલા ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો. આરોપીઓએ તેમને તથા તેમના ભાઈને બેફામ ગાળો આપી લાકડી વડે માર માર્યો હતો. ઉપરાંત પોતાના હાથમાં પહેરેલા કડા વડે ફરિયાદીને મુંઢમાર મારી ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત પથ્થરનો ઘા ફરિયાદીના માથાના ભાગે ઝીંકી દેતા ગંભીર ઈજા થઈ હતી. હુમલો કર્યા બાદ આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

## બગસરામાં કાનના અસહ્ય દુ:ખાવાથી કંટાળી યુવતીએ પંખા સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાધો

બગસરા, તા.૨૮

બગસરા શહેરમાં એક આશાસ્પદ યુવતીએ બીમારીથી કંટાળીને જીવન ટૂંકાવ્યું હોવાની આઘાતજનક ઘટના સામે આવી હતી. છેલ્લા પંદર દિવસથી સતત થતા કાનના દુ:ખાવાને સહન ન કરી શકતા યુવતીએ મોતને વહાલું કર્યું હતું. દિલીપભાઈ હીરાભાઈ કુંભાર (ઉ.વ.૪૭)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી મિતાલીબેન દિલીપભાઈ કુંભાર (ઉ.વ.૧૮)ને છેલ્લા બે અઠવાડિયાથી કાનમાં અસહ્ય દુ:ખાવો થતો હતો. અનેક સારવાર છતાં દુ:ખાવામાં રાહત ન મળતા માનસિક રીતે પરેશાન રહેતી હતી. આ અસહ્ય પીડાથી મુક્તિ મેળવવા માટે તેણે અંતિમ પગલું ભર્યું હતું. યુવતીએ પોતાના રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો.

## લાઠીની પ્રા.શાળા ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી

અમરેલી,તા.૨૮

લાઠી પ્રાથમિક શાળા ખાતે નગરપાલિકા દ્વારા ૭૭મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે મહાનુભાવો દ્વારા ગૌરવભેર રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પોલીસકર્મીઓ અને હોમગાર્ડના જવાનોએ શિસ્તબદ્ધ પરેડ યોજી તિરંગાને સલામી આપી હતી. ધ્વજવંદન બાદ ઉપસ્થિત મેદનીને પ્રાસંગિક સંબોધન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના



બાળકો દ્વારા દેશભક્તિના ગીતો અને આકર્ષક વેશભૂષા સાથેના સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા, શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બાળકોને મહાનુભાવો દ્વારા પ્રોત્સાહિત કરાયા હતા. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ સોની, પાલિકા સદસ્યો, અગ્રણી વેપારીઓ અને પૂર્વ સદસ્યો સહિત બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી જિલ્લાના વિવિધ તાલુકા, શહેર કોંગ્રેસ પ્રમુખોની વરણી

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં કોંગ્રેસ સંગઠનને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવા માટે વિધાનસભા વિસ્તારવાર તાલુકા તથા શહેર કોંગ્રેસ પ્રમુખોની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં અમરેલી જિલ્લાના વિવિધ વિધાનસભા મતવિસ્તારમાં કોંગ્રેસ પક્ષ પ્રત્યે સમર્પિત અને સક્રિય કાર્યકરોને જવાબદારી સાથે નિમણૂંક કરવામાં આવી છે જેમાં ૯૪ - ધારી / ચલાલા / બગસરા / ખાંભા વિધાનસભા વિસ્તારના રવિભાઈ રાજેન્દ્રભાઈ વહાણી - ધારી શહેર પ્રમુખ, દિલીપભાઈ મનસુખભાઈ સાવલિયા - ધારી તાલુકા પ્રમુખ, અનિલભાઈ નરસિંહભાઈ શેખ - બગસરા શહેર પ્રમુખ, અશોકભાઈ રમેશભાઈ ગોંડલીયા - બગસરા તાલુકા પ્રમુખ, રમેશકુમાર ભીખુભાઈ કલસરીયા - ખાંભા તાલુકા પ્રમુખ તથા ૯૫ - અમરેલી / વડીયા / કુંકાવાવ વિધાનસભા મતવિસ્તારનાં સંદીપભાઈ બાવચંદભાઈ ધાનાણી - અમરેલી શહેર પ્રમુખ, વિપુલભાઈ વલ્લભભાઈ પોકીયા - અમરેલી તાલુકા પ્રમુખ, સત્યમભાઈ ચંદુભાઈ મકાણી - કુંકાવાવ તાલુકા પ્રમુખ, બાબરા / લાઠી / દામનગર વિધાનસભા મતવિસ્તારનાં ચિંતરંજનભાઈ ઉમંગરાય છાંટબાર, બાબરા શહેર પ્રમુખ, ધીરુભાઈ કેશાભાઈ વહાણી, બાબરા તાલુકા પ્રમુખ, સુરેશભાઈ લાલજીભાઈ ગોયાણી, લાઠી શહેર પ્રમુખ, કાળુભાઈ નારણભાઈ શેખડા, લાઠી તાલુકા પ્રમુખ, સાવરકુંડલા / લીલીયા વિધાનસભા મતવિસ્તારનાં હર્ષદભાઈ ભાયલાલભાઈ સુચક, સાવરકુંડલા શહેર પ્રમુખ નરેશભાઈ વિશ્રામભાઈ દેવાણી, સાવરકુંડલા તાલુકા પ્રમુખ, નીતિનભાઈ રમેશભાઈ ત્રિવેદી - લીલીયા તાલુકા પ્રમુખ, રાજુલા / જાફરાબાદ વિધાનસભા મતવિસ્તારના રવિભાઈ મનુભાઈ ધાખડા - રાજુલા શહેર પ્રમુખ, ગાંગાભાઈ જીણાભાઈ હડીયા, રાજુલા તાલુકા પ્રમુખ, હરેશકુમાર નાથાભાઈ બાંભણિયા, જાફરાબાદ શહેર પ્રમુખ, અનિલભાઈ સનાભાઈ સાંખટ જાફરાબાદ તાલુકા પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આ તમામ નિમણૂકો દ્વારા આવનારી રાજકીય પ્રવૃત્તિઓ તથા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ સંગઠનને તળિયે સુધી મજબૂત બનાવવાનો હેતુ સાથે નવનિયુક્ત તાલુકા અને શહેરના પ્રમુખો પક્ષની નીતિ, કાર્યક્રમો અને જનહિતના મુદ્દાઓને અસરકારક રીતે લોકો સુધી પહોંચાડશે તેવો વિશ્વાસ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે વ્યક્ત કર્યો છે.

## બગસરા શહેરમાં યુગલે લગ્નના તાંતણે બંધાયા બાદ રાષ્ટ્રગાન કર્યું

બગસરા,તા.૨૮

બગસરા શહેરમાં તાજેતરમાં સથવારા સમાજની વાડી ખાતે રંગાડીયા પરિવારનો લગ્ન પ્રસંગ યોજાયો હતો. આશિષ તથા આસ્થા તારીખ ૨૬ જાન્યુઆરીના રોજ લગ્નના પવિત્ર બંધનમાં બંધાવવા જઈ રહ્યા હતા. લગ્નની તારીખ સાથે સાથે પ્રજાસત્તાક દિનને ધ્યાને લઈ રંગાડીયા પરિવાર દ્વારા આ



તસવીર : હાર્દિક બામટા

દિવસે લગ્ન વિધિ દરમિયાન ઉપસ્થિત નવદંપતી, તેમના બંનેના પરિવાર તથા સથવારા સમાજ દ્વારા વાડીના પટાંગણમાં જ રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. તેમજ સૌએ માનપૂર્વક રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું. લગ્ન પ્રસંગમાં લગ્નના ગીતો સાથે સાથે રાષ્ટ્રગીતને સન્માન આપી સથવારા સમાજ દ્વારા નવી રાહ ચીંધવામાં આવી છે.

## વડીયાની સરકારી કોલેજ ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીથી અળગી રહી: આચાર્ય અને સ્ટાફની ગેરહાજરી

વડીયા,તા.૨૮

સમગ્ર દેશમાં ૨૬મી જાન્યુઆરીએ ૭૭મા ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત વડીયા-કુંકાવાવ તાલુકા કક્ષાનો કાર્યક્રમ સનાળી ગામે અને વડીયાનો સ્થાનિક કાર્યક્રમ ગ્રામપંચાયત સંચાલિત સુરગવાળા હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો. જોકે, આ કાર્યક્રમમાં વડીયાની સરકારી કોલેજની ગેરહાજરી ચર્ચાનો વિષય બની છે. સુરગવાળા




હાઈસ્કૂલ ખાતે યોજાયેલ રંગારંગ કાર્યક્રમમાં વડીયાની તમામ ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ આશ્ચર્યજનક રીતે, આ જ કેમ્પસમાં બેસતી સરકારી આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજના આચાર્ય, પ્રોફેસરો, વહીવટી સ્ટાફ કે વિદ્યાર્થીઓ આ રાષ્ટ્રીય પર્વમાં ક્યાંય જોવા મળ્યા ન હતા. સામાન્ય રીતે સવારે ૮:૦૦ કલાકે ખુલતું કોલેજ કાર્યાલય પ્રજાસત્તાક પર્વના દિવસે પણ બંધ હાલતમાં અને તાળા મારેલું જોવા મળ્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ, વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




## સાવરકુંડલાના ઘાંડલા ગામે બાવળની કાંટમાંથી ૫ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૨૮

સાવરકુંડલાના ઘાંડલા ગામે પ્રાથમિક શાળાની પાછળ તૂટેલા પુલ પાસે આવેલ બાવળની કાટમાંથી ૫ લીટર દેશી દારૂ મળ્યો હતો.

મોટા ગોખરવાળા, અમરેલી, ડુંગર, વડલી, સીમરણ ગામેથી એક-એક ઈસમ કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યો હતો.

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.13/2026

પ્રતિ,
શ્રી વાળા ઉકાભાઈ રણસીભાઈ,
રહે. ગીરદેવળી, ગામ-ગીરદેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ગીરદેવળી,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ
...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ગીરદેવળી ગામના રહીશ વાળા ઉકાભાઈ રણસીભાઈ તથા વાળા શાંતિબેન ઉકાભાઈના પુત્ર અશ્વીનભાઈ ઉકાભાઈ વાળાનો જન્મ તારીખ 20/08/2002 ના રોજ કોડીનાર તાલુકાના ગીરદેવળી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ગીરદેવળી, તાલુકો કોડીનાર સને.2002 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# ધારીના ખીસરી ગામે લગ્નપ્રસંગમાં થયેલી બઘડાટીના આરોપીઓ ઝડપાયા

ધારી,તા.૨૮

ધારી તાલુકાના ખીસરી ગામે ગઈકાલે એક લગ્ન પ્રસંગ રણમેદાનમાં ફેરવાયો હતો. જમણવારમાં રોટલી પીરસવા જેવી નજીવી બાબતે જાનૈયા અને માંડવિયા પક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો.



આ હિંસક અથડામણમાં લાકડીઓ અને પાઈપો ઉછળ્યા હતા, જેમાં અંદાજે ૧૫ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે.

ઘટનાની ગંભીરતા જોતા ધારી પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી હતી. પી.એસ.આઈ.ના માર્ગદર્શન હેઠળ પોલીસે તપાસ તેજ કરી ગણતરીની કલાકોમાં મુખ્ય આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

હુમલામાં વપરાયેલ બોલેરો કાર સહિતના વાહનો પણ પોલીસે કબજે કર્યા છે.

**પોલીસે હુમલામાં વપરાયેલ બોલેરો કાર સહિત વાહનો કબજે કર્યા**

# અમરેલીના વેપારી સાથે દિલ્હીના વેપારીએ ઠગાઈ કરી: ફટાકડાના બદલે વેસ્ટ પ્લાસ્ટિકના ૬૦ બોક્સ મોકલી રૂ.૧.૯૮ લાખ ખંખેર્યા

અમરેલી, તા. ૨૮

દિવાળી અને અન્ય તહેવારોમાં ફટાકડાનો વેપાર કરતા અમરેલીના એક વેપારી સાથે છેતરપિંડીનો અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. દિલ્હીના બે વેપારીઓએ ફટાકડાનો માલ મોકલવાને બદલે પ્લાસ્ટિકનો કચરો મોકલી આપી વેપારીના લાખો રૂપિયા ઓળવી ગયાની ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે અમરેલીમાં રહેતા વેપારી સંજયભાઈ ઠાકરશીભાઈ કથીરીયા (પટેલ)એ દિલ્હીમાં રહેતા ફટાકડાના બે વેપારી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ અમરેલી શહેરમાં ફટાકડાનો વ્યવસાય કરતા વેપારીએ દિલ્હીના બે વેપારીઓ (મોબાઈલ નંબર: ૭૦૬૫૪૧૭૨૬૩ અને ૮૯૨૦૨૫૦૭૮૮) પાસે ફટાકડાનો ઓર્ડર આપ્યો હતો. આ સોદા પેટે વેપારીએ રૂ.૧,૯૮,૧૦૦ નું પૂરેપૂરું પેમેન્ટ પણ ચૂકવી દીધું હતું. જ્યારે દિલ્હીથી માલના ૬૦ કાર્ટુન (બોક્સ) અમરેલી આવી પહોંચ્યા, ત્યારે વેપારી ચોંકી ગયા હતા. બોક્સ ખોલતા જ તેમાંથી ફટાકડાને બદલે વેસ્ટ પ્લાસ્ટિક નીકળ્યું હતું. દિલ્હીના બંને શખ્સોએ એકબીજાની મદદગારીથી ફટાકડાના નામે વેસ્ટ મટીરિયલ પધરાવી દઈ વેપારીના રૂપિયા પડાવી લીધા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.જી. ચોબા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી લાયન્સ ક્લબ દ્વારા રોકડિયાપરાની શાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

અમરેલી, તા.૨૮



લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા ૭૭મા પ્રજાસત્તાક દિનની રોકડિયા પરા પ્રાથમિક શાળા ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી લાયન્સ પ્રમુખ બકુલ ભટ્ટના માર્ગદર્શન હેઠળ થઈ હતી. આ તકે લાયન્સ સેક્રેટરી રજની ધોરાજીયા, લાયન નનુભાઈ તળાવીયા, લાયન ગોરધનભાઈ, લાયન જયસુખભાઈ ઢોલરીયા, સ્કૂલના પ્રિન્સિપાલ, સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર હતા તેમ લાયન રાજુભાઈ પરીખની યાદી જણાવે છે.

# સા.કુંડલાના તાત્કાલિક હનુમાનજી આશ્રમે ખોડિયાર પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી

સાવરકુંડલા, તા.૨૮



સાવરકુંડલામાં નાવલી નદીના તટ પર સ્થિત તાત્કાલિક હનુમાનજી આશ્રમ ખાતે આઈ શ્રી ખોડિયાર માતાજીના મંદિરે ખોડિયાર જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમગ્ર પરિસર 'જય ખોડિયાર'ના નાદ સાથે ગુંજી ઉઠ્યું હતું. આ મહોત્સવના પ્રારંભે માતાજીનું ષોડશોપચાર પૂજન કરવામાં આવ્યું હતું અને પછી હવનમાં ભક્તોએ મંત્રોચ્ચાર સાથે આહુતિઓ અર્પણ કરી હતી. બાળકોએ માતાજીની ધૂન અને સ્તુતિ ગાન કર્યું હતું. આ કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ બટુકભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# લીલીયાના હાથીગઢમાં ૧૪ ફેબ્રુઆરીએ હિંદુ સંમેલન

અમરેલી,તા.૨૮



શ્રી હનુમંત હિંદુ સંમેલન સમિતિ હાથીગઢની તારીખ ૧૮/૧/૨૦૨૬ ના રોજ શ્રી નિલેશભાઈ ધોરાજીયાની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં તારીખ ૧૪ ફેબ્રુઆરીના રોજ હાથીગઢ મંડળનું હિંદુ સંમેલન ભવ્ય રીતે યોજવાનું નક્કી થયું છે. સંમેલનમાં સંઘની શતાબ્દી વર્ષ ઉપલક્ષમાં સમાજમાં પંચ પરિવર્તન વિશેષ જાગૃતિ ફેલાવવાનું નક્કી થયું. આ આયોજન બેઠકમાં સમિતિના ઉપાધ્યક્ષ કાળુભાઈ ધોરાજીયા, અમરદાસબાપુ અગ્રાવત, રામભાઈ હિરપરા, મંત્રી કૌશિકભાઈ નિરંજની, સહમંત્રી હિમ્મત બાપુ રામાવત, હરેશભાઈ પરમાર કોષાધ્યક્ષ ઘનશ્યામભાઈ મિસ્ત્રી તથા હિતેશભાઈ મેત્રા અને સર્વે કારોબારી સભ્યો તથા સામાન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન શ્રીકાંત દાદા, ભરતભાઈ મેતરા, સવજીભાઈ ભાડ તથા વિઠ્ઠલભાઈ વડ્રા અને અજયભાઈ માઢકે કર્યું હતું.

# ચલાલા શહેરનાં વતની ડૉ. રાધિકા મહેતાની સૌરાષ્ટ્રના શ્રેષ્ઠ ચિત્રકારોના પ્રદર્શનમાં પસંદગી

ચલાલા,તા.૨૮



મૂળ ચલાલાના વતની અને હાલ રાજકોટ ખાતે રહેતા ડો. રાધિકા મહેતાની સૌરાષ્ટ્રના શ્રેષ્ઠ ચિત્રકારોના પ્રદર્શનમાં રાજગોર જ્ઞાતિના એકમાત્ર કલાકાર તરીકે પસંદગી થઈ છે. ડો. રાધિકા મહેતાએ કોઈપણ ઔપચારિક તાલીમ લીધા વિના ચિત્રકલાના ક્ષેત્રમાં મોટી સિદ્ધિ હાંસલ કરી સમગ્ર જ્ઞાતિનું નામ રોશન કર્યું છે. ડો. રાધિકાના પિતા હિંમતભાઈ મહેતાના જણાવ્યા અનુસાર, તેમની દીકરીમાં રહેલી કલા કોઈ વર્ગો કે ટ્યુશનની દેન નથી, પરંતુ કુદરતી બક્ષિસ છે. સ્ત્રીઓની ૬૪ કલાઓ પૈકી કોઈપણ કલા માત્ર એકવાર નજરે નિહાળીને તે જાતે જ આત્મસાત કરી લેવાની શક્તિ ડૉ. રાધિકા ધરાવે છે. ચિત્રકામ હોય, મહેંદી હોય કે રંગોળી આ તમામ કલાઓમાં તેમણે અદ્‌ભુત પ્રભુત્વ મેળવ્યું છે. તાજેતરમાં સૌરાષ્ટ્રના નામાંકિત ચિત્રકારોના ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું. જેમાં અસંખ્ય એન્ટ્રીઓમાંથી ખૂબ જ મર્યાદિત અને શ્રેષ્ઠ ચિત્રકારોની પસંદગી થઈ હતી. આ પ્રદર્શનમાં તેઓ રાજગોર જ્ઞાતિના એકમાત્ર પ્રતિનિધિ તરીકે પસંદ થયા છે.











## અવસાન નોંધ

**રાજકોટ**

રમેશભાઇ શાંતિલાલ કુંડલીયા (ઉ.વ. ૬૭)નું દુઃખદ અવસાન તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૬, સોમવારના રોજ થયેલ છે. તે સ્વ. શાંતિલાલ કેશવજી કુંડલીયા તથા સ્વ. ગુણવંતીબેન શાંતિલાલ કુંડલીયાના પુત્ર અને તે ગીતાબેનના પતિ, કેતનભાઇ તથા સંતોષભાઇના પિતા, તે જ્યોત્સનાબેન અરુણકુમાર ચોટાઇ, પ્રમિલાબેન વિજયકુમાર રામાણી તથા જીતેન્દ્રભાઇ તથા અજયભાઇના ભાઇ, તે બિંદિયાબેન તથા વિભુતિબેનના સસરા, તે નરભેરામભાઇ કલ્યાણજીભાઇ મિરાણી (મોરબી)ના જમાઇ, તે શ્રદ્ધા, જીગર, ધ્વની, વિધીના મોટાપપ્પા, તે વિહાન, વૃત્તિકાના દાદા થાય છે. બેસણું તથા પિયર પક્ષની સાદડી તા. ૨૯ જાન્યુઆરી ૨૦૨૬, ગુરુવાર સાંજે ૫ થી ૬ - સ્થળ : ડી-૫૦૪, મિલેનિયમ હાઇટ્સ, સનસિટી હેવનની પાછળ, શાંતિનગર શેરી નં.૩, રાજકોટ ખાતે રાખેલ છે.

**બગસરા**

બગસરા નિવાસી મુકેશભાઈ જીવરાજભાઈ સુદાણી ઉંમર વર્ષ ૪૩ તે સુમિતાબેન ચંદેશકુમાર ગજેરા તેમજ મહેન્દ્રભાઈના નાનાભાઈ તેમજ રૂપલબેનના પતિ અને હસ્તી તેમજ પ્રીતના પિતાનું તા ૨૬ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા ૨૯ ને ગુરૂવારના રોજ સવારે ૯ થી સાંજે ૬ સુધી મામલદાર ઓફિસ સામે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

**ભાવનગર**

સ્વ.યશવંતરાય હિંમતભાઈ જોશી (ઉ.વ.૫૮)નું તા.૨૮/૧/૨૬ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે વિનાયકભાઈ હિંમતલાલ જોશીના નાના ભાઈ તેમજ પ્રજ્ઞાબેન યશવંતરાય જોશીના પતિ અને નયનાબેન વિનાયકભાઈ જોશીના દિયર અને ગૌરાંગ, નમ્રતાબેન આશિષકુમાર, કિંજલબેન રોનકકુમારના પિતા અને દિપાલીબેન મિલનકુમાર ભટ્ટ, દિપીકાબેન નિરાગકુમાર દવે તથા ભાર્ગવના કાકા અને રક્ષાબેન નાથાલાલભાઈ ત્રિવેદી તથા જસુબેન પ્રવીણકુમાર ઉપાધ્યાયના નાનાભાઈ તેમજ શેલણા નિવાસી સ્વ. જગજીવન ત્રંબકલાલ ભટ્ટના જમાઈ થાય છે. સદગતની સાદડી તારીખ.૩૦/૦૧/૨૦૨૬ ને શુક્રવારના રોજ સાંજે ૪થી ૬ કાશી વિશ્વનાથ મંદિર સીદસર ખાતે રાખેલ છે. તેમજ તેમની ઉત્તરક્રિયા તારીખ ૦૮/૨/૨૦૨૬ને રવિવારના રોજ તેમના નિવાસસ્થાને સીદસર ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.નટવરલાલ ભાણજીભાઈ ભરખડા (ઉં.વ.૬૯)નું તા.૨૬/૧/૨૬ ને સોમવારના રોજ મુંબઈ મુકામે દુઃખદ અવસાન થયેલ છે. તે હરગોવિંદભાઈ ભાણજીભાઈ ભરખડા તથા સ્વ.જયંતીભાઈ ભાણજીભાઈ ભરખડાના ભાઈ થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૨૯/૧/૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે વાજા જ્ઞાતિ વાડી ઉપરનો વિભાગ પોસ્ટ ઓફિસ રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.પરશોતમભાઈ મોહનભાઈ ધારૈયા (ઉં.વ.૮૫) તા.૨૭/૧/૨૬ ને મંગળવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તે સુનિલભાઈ પરશોતમભાઈ ધારૈયા થતા વિનોદભાઈ પરશોતમભાઈ ધારૈયા તથા કિરણભાઈ પરશોતમભાઈ ધારૈયાના પિતાશ્રી થાય છે. સદગતનું બેસણું તા.૨૯/૧/૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને શોરાવાડી સોસાયટી જયશ્રી ટોકીઝ પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ગં.સ્વ.લાડુબેન કાથડભાઇ ગલચર (ઉં.વ.૮૫)નું તા.૨૭/૧/૨૬ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કનુભાઈ કાથડભાઇ ગલચર તથા દિલીપભાઈ કાથડભાઇ ગલચરના માતૃશ્રી થાય છે. સદગતનું બેસણું તા.૨૯/૧/૨૬ ને ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે અમારા નિવાસસ્થાન જેસર રોડ ગીતાંજલી સોસાયટી પાણીના ટાંકા પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.






## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૮/૨૦૨૫

અરજદાર :- મોહનભાઈ જીવરાજભાઈ દેસાઈ
રહે.કેરીયાચાડ, તા.જી.અમરેલી, મો.૮૧૪૦૩૩૫૩૨૭

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.કેરીયાચાડ, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કેરીયાચાડ ગામમાં અરજદારશ્રી મોહનભાઈ જીવરાજભાઈ દેસાઈ તેઓના ભત્રીજી ગીતાબેન દેવશીભાઈ દેસાઈની જન્મ (તા.૨૮/૦૫/૧૯૭૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**-:: જાહેર નોટીસ ::-**

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.20/2026
જન્મ તારીખ : 24/12/1997

શ્રી પ્રતાપભાઈ મેપભાઈ બાંભણીયા,
રહે.નાનાવાડા, ગામ-નાનાવાડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નાનાવાડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી પ્રતાપભાઈ મેપભાઈ બાંભણીયા, રહે.નાનાવાડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી પ્રતાપભાઈ મેપભાઈ બાંભણીયા તથા પ્રભાબેન પ્રતાપભાઈ બાંભણીયા ના પુત્ર મનિષ પ્રતાપભાઈ બાંભણીયાનો જન્મ તારીખ.24/12/1997ના રોજ કોડીનાર તાલુકાના નાનાવાડા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૯૪/૨૫ તા.૦૨/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી સુભાનભાઈ સુલેમાનભાઈ ચુડેસરા
મુ.દામનગર, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૯૦૪૧૧૪૨૯૪
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા એડવોકેટ
દામનગર નગરપાલીકા સામે, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો તથા નાના ભાઈનો સુભાનભાઈ સુલેમાનભાઈ ચુડેસરા તથા શાહિદ સુલેમાનભાઈ ચુડેસરા નો જન્મ તા.૦૫/૧૨/૧૯૮૨ તથા ૦૩/૦૬/૧૯૮૮ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૮૮/૨૫ તા.૦૨/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી રસીદાબેન ગફુલભાઈ ગોગદા
મુ.દામનગર, તા. લાઠી, જી. અમરેલી
મો.૭૦૧૬૯ ૨૫૮૯૦
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા એડવોકેટ
દામનગર નગરપાલીકા સામે, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો રસીદાબેન ગફુલભાઈ ગોગદા નો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૨ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### જિલ્લામાં સાયબર ક્રાઈમની વધુ એક ઘટના

# બાબરાના નવાણીયા ગામના વેપારી સાથે રૂ.૯૨.૭૫ લાખની ડિજિટલ ઠગાઈ

**USDT રોકાણના નામે ખેલ ખેલાયો**

બાબરા, તા. ૨૮

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના નવાણીયા ગામે ઓનલાઈન રોકાણના નામે મોટી છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક વેપારીને ક્રિપ્ટોકરન્સી (USDT)માં રોકાણ કરી ઊંચા વળતરની લાલચ આપી ટોળકીએ અંદાજે રૂ.૯૨.૭૫ લાખ ખંખેરી લીધા હતા. આ અંગે નવાણીયા ગામના વેપારી મહેશભાઈ જેઠાભાઈ ભાયાણી (ઉ.વ.૫૨ )એ નેહા શર્મા રહે.લખનઉ, જાનકીપુરમ (ઉત્તરપ્રદેશ), વેબસાઈટ/પ્લેટફોર્મ બનાવનાર/ચલાવનાર તથા રોકાણના રૂપિયા જમા કરાવેલ તે બેંક ખાતા ધારકો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીઓએ એકસંપ થઈ ગુનાહિત કાવતરું રચ્યું હતું. તેમણે ફરિયાદી વેપારીનો સંપર્ક કરી એક ચોક્કસ વેબસાઈટ/પ્લેટફોર્મ પર USDT (ક્રિપ્ટોકરન્સી) માં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આરોપીઓએ વિશ્વાસ અપાવ્યો હતો કે આ રોકાણથી ખૂબ જ ટૂંકા સમયમાં મોટું પ્રોફિટ મળશે. શાતિર ઠગબાજોએ ફરિયાદીને લાલચમાં રાખી અલગ-અલગ તારીખે જુદા-જુદા બેંક ખાતાઓ અને UPI આઈડીમાં નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતાઃ તા. ૧૧/૧૦/૨૦૨૫ થી તા. ૦૩/૦૧/૨૦૨૬ સુધીમાં તેમણે કુલ રૂ.૯૨,૭૫,૫૧૪ જમા કરાવ્યા હતા. જ્યારે વેપારીએ પોતાના પ્રોફિટ અથવા મૂળ રકમની માંગણી કરી, ત્યારે આરોપીઓએ કોઈ વળતર આપ્યું નહોતું અને છેવટે હાથ ઊંચા કરી દીધા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા વેપારીએ આખરે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં સાયબર ક્રાઈમની ઘટનાઓ સતત વધી રહી છે, જેથી લોકોએ અજાણ્યા પ્લેટફોર્મ કે વેબસાઈટ પર 'વધારે પ્રોફિટ'ની લાલચમાં આવીને નાણાંનું રોકાણ કરતા પહેલા તેની સત્યતા તપાસવી ખૂબ જરૂરી છે. અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એલ. ખટાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદના કાગવદર ગામે બંધ મકાનમાંથી રૂ.૬.૭૯ લાખના દાગીનાની ચોરીથી ચકચાર



તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદ, તા. ૨૮

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના કાગવદર ગામે તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. એક રહેણાંક મકાનને નિશાન બનાવી અજાણ્યા ચોર ઈસમો લાખોની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગે શિવાભાઈ દદુભાઈ વાવડીયા (ઉ.વ.૩૨)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના રહેણાંક મકાનમાં કોઈ અજાણ્યા તસ્કરોએ ત્રાટકીને ઘરના રૂમનું તાળું તોડ્યું હતું. ત્યારબાદ રૂમમાં રાખેલ કબાટનું ખાનું તોડી, તેમાં રહેલી સ્ટીલની પેટીમાંથી સોના તથા ચાંદીના કિંમતી ઘરેણાંની ચોરી કરી હતી. જેની અંદાજિત કિંમતઃ રૂ.૬,૭૯,૧૫૦ હતી. ગામડાઓમાં વધતી જતી ચોરીની ઘટનાઓને પગલે ગ્રામજનોમાં ફાળ પડી છે અને પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠી છે. નાગેશ્રી પોલીસ સ્ટેશનના પીઆઈ આર.આર. ગળચર વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાશે

અમરેલી,તા.૨૮

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે સ્થિત શિક્ષણ અને સેવાના પ્રતીક એવા 'ગ્રામ સેવા કેન્દ્ર' તથા 'લોકશાળા'ના પૂર્વ વિદ્યાર્થીઓનું ભવ્ય અને આત્મીય સંમેલન આગામી દિવસોમાં યોજાવા જઈ રહ્યું છે. કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ સંચાલિત સંસ્થા દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિષદના સહયોગથી તા. ૨૯-૦૧-૨૦૨૬ અને ૩૦-૦૧-૨૦૨૬ એમ બે દિવસીય સ્નેહમિલનનું આયોજન કરાયું છે. કાર્યક્રમની વિશેષતા તરીકે વિશ્વવિખ્યાત રામકથાકાર પરમ પૂજ્ય મોરારીબાપુની નિશ્રામાં પૂર્વ વિદ્યાર્થીઓને આશીર્વચન મળશે. કાર્યક્રમને સફળ બનાવવા હીંમતભાઈ ગોડા સહિત સંસ્થાના આગેવાનો સક્રિય રીતે જહેમત ઉઠાવી રહ્યા છે.

# બાબરા નગરપાલિકાની પ્રજાસત્તાક પર્વે માનવતાભરી પહેલ: જરૂરિયાતમંદોને ફૂડ પેકેટનું વિતરણ કરાયું

બાબરા,તા.૨૮




બાબરા નગરપાલિકા દ્વારા ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસના પાવન અવસરે શહેરના જરૂરિયાતમંદ અને ગરીબ નાગરિકો માટે માનવતા અને સેવાના ભાવ સાથે ફૂડ પેકેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય કાર્યક્રમ અંતર્ગત નગરપાલિકા વિસ્તારમાં વસવાટ કરતા ગરીબ, બેઘર તથા જરૂરિયાતમંદ લોકોને ફૂડ પેકેટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રજાસત્તાક દિવસની ઉજવણીને સાર્થક બનાવતા આ કાર્યક્રમ થકી નગરપાલિકાએ પોતાની સામાજિક જવાબદારી અને સંવેદનશીલતા પ્રગટ કરી હતી. નગરપાલિકા દ્વારા આયોજિત આ સેવાભાવી કાર્યને સ્થાનિક નાગરિકો અને લાભાર્થીઓ દ્વારા વખાણવામાં આવ્યું હતું.

# જાફરાબાદના બલાણા પ્રા.શાળા ખાતે ગણતંત્ર દિનની ઉજવણી



જાફરાબાદ,તા.૨૮

જાફરાબાદના બલાણા પ્રાથમિક શાળા ખાતે તાલુકા કક્ષાના ૭૭મા પ્રજાસત્તાક દિવસનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. જાફરાબાદ વહીવટી વિભાગ દ્વારા આ કાર્યક્રમમાં જાફરાબાદ મામલતદાર નકુમ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના ગીત અને વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત સરકારી વિભાગમાં અલગ અલગ કાર્યક્ષેત્રમાં સારી એવી કામગીરી કરનાર કર્મચારીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# વડીયાના સરદાર પટેલ વિદ્યાલયમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી

અમરેલી,તા.૨૮



સરદાર પટેલ વિદ્યાલયમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર દેવદાસ કુમારના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ટ્રસ્ટી કાન્તાબેન ગણાત્રા, શીતલબેન ગણાત્રા અને ભૂપેન્દ્રભાઈ કલ્યાણી દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી મિતુલભાઈ ગણાત્રાએ અતિથિ વિશેષનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. શાળાના પ્લે-હાઉસથી ધોરણ ૮ ના ભૂલકાઓએ દેશભક્તિ ડાન્સ, સ્ત્રી શક્તિ, દીકરીનું મહત્વ અને અમદાવાદ પ્લેન ક્રેશ જેવી હૃદયસ્પર્શી કૃતિઓ રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ સફળ આયોજન પાછળ HOD હેતલબેન સાદરાણીના માર્ગદર્શન હેઠળ અશ્વિનભાઈ હિરાણી, હરેશભાઈ તળાવીયા અને સમગ્ર શિક્ષક સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજુલાના વાવેરા ગામે યુવતી મામાના ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી જતાં શોધખોળ શરૂ

રાજુલા, તા.૨૮

રાજુલા તાલુકાના વાવેરા ગામે મામાના ઘરે રહેતી એક યુવતી એકાએક ગુમ થઈ જતાં પરિવારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. રાત્રિના સમયે મામાના ઘરે સૂતેલી યુવતી કોઈને પણ જાણ કર્યા વગર ક્યાંક ચાલી જતાં આ મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી. મુકેશભાઈ ખોડાભાઈ ચૌહાણ (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, ટીનુબેન ચંદુભાઈ જીતીયા (ઉ.વ.૨૦) નામની યુવતી વાવેરા ગામે તેના મામાના ઘરે રહેતી હતી. ગત રાત્રિના રોજ તે રાબેતા મુજબ ઘરે સૂતી હતી, પરંતુ ત્યારબાદ તે ઘરેથી કોઈને પણ કહ્યા વગર પોતાની રીતે ક્યાંક નીકળી ગઈ હતી. પરિવારજનોએ સવારે જોતા ટીનુબેન ઘરે હાજર ન મળી આવતા તેમની શોધખોળ હાથ ધરી હતી. આસપાસના વિસ્તાર અને સગા-સંબંધીઓને ત્યાં તપાસ કરવા છતાં યુવતીનો કોઈ પત્તો ન લાગતા આખરે આ અંગે પોલીસમાં જાણ કરવામાં આવી હતી. પોલીસે ગુમશુદાની નોંધ કરી યુવતીની તપાસ તેજ કરી છે.

# અમરેલી તાલુકાના જાળીયા ગામે મહિલાની ગરિમા લજવાય તેવી હરકત કરી માર માર્યો

અમરેલી, તા.૨૮

અમરેલી તાલુકાના જાળીયા ગામે એક મહિલાને તેની જ દુકાને જઈને ચાર શખ્સોએ બેફામ ગાળો આપી, માર મારી અને સ્ત્રી ગરિમાનો ભંગ કર્યાની શરમજનક ઘટના સામે આવી હતી. દીકરીની છેડતી અંગે સમજાવવા ગયેલી મહિલા પર શખ્સોએ હિંસક હુમલો કરતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે વિલાસબેન વિક્રમભાઈ ચાવડા (ઉ.વ.૩૦)એ સંજયભાઈ મોહનભાઈ સોલંકી, મનિષાબેન સંજયભાઈ સોલંકી, મોહનભાઈ ખોડાભાઈ સોલંકી તથા જયાબેન મોહનભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, ફરિયાદી મહિલાની દીકરીને વિશુ નામનો એક માનસિક અસ્થિર કિશોર અવારનવાર કનડગત કરી હેરાન કરતો હતો. આ બાબતે મહિલા કિશોરને ઠપકો આપી સમજાવવા માટે ગઈ હતી. જેની અદાવત રાખીને આરોપીઓએ મહિલા પર હુમલો કર્યો હતો. ફરિયાદી મહિલા જ્યારે પોતાની દુકાને હતી, ત્યારે આરોપી સંજયભાઈ મોહનભાઈ સોલંકી ત્યાં ધસી આવ્યો હતો અને બેફામ ગાળો આપવા લાગ્યો હતો. ઉશ્કેરાયેલા આરોપીએ મહિલાનું બાવડું પકડી તેને દુકાનમાંથી બહાર ખેંચી કાઢી હતી અને તેનો ચોટલો પકડીને સ્ત્રી ગરિમાનો ભંગ કર્યો હતો. આ દરમિયાન અન્ય આરોપીઓ પણ ત્યાં પહોંચી ગયા હતા. ચારેય શખ્સોએ એકસંપ થઈને મહિલાને ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારસ
તા.૨૯-૦૧-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

## દૈનિક રાશિફળ

તા.૨૯-૦૧-૨૦૨૬ ગુરૂવાર

મેષ: આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્ત્રોત પણ મળી શકે છે.

વૃષભ: આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે.

મિથુન: આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે.

કર્ક: તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે.

સિંહ: આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે.

કન્યા: કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો.

તુલા: આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે આરામ વધુ સારો રહેશે.

વૃશ્ચિક: આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઇક પ્લાન કરી શકો છો.

ધન: આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો.

મકર: આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. તેથી સાવચેત રહો અને ઝઘડા ટાળો.

કુંભ: આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે.

મીન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

# અમરેલીના જાળીયા ગામે 'મારી દીકરી સામે કેમ જુએ છે' કહીને જાનથી મારી નાખવાની ધમકી

અમરેલી, તા. ૨૮

જિલ્લાના જાળીયા ગામે એક સગીર વયના કિશોરને માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપવાની ઘટના સામે આવી હતી. દીકરીની છેડતીની આશંકા રાખીને બે શખ્સોએ આ હુમલો કર્યો હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું હતું. જાળીયા ગામે રહેતા મોહનભાઈ ખોડાભાઈ સોલંકી (ઉ.વ.૬૫)એ વિલાસબેન ટીકુભાઈ તથા જાનાબેન ગોવિંદભાઈ(સાસુ) સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, અમરેલીના જાળીયા ગામે રહેતા ફરિયાદીની દીકરી કંચનબેનનો ૧૬ વર્ષીય પુત્ર વિશ્વાસ જ્યારે ગામમાં હતો, ત્યારે આરોપીઓએ તેને આંતર્યો હતો.

મુખ્ય આરોપીએ વિશ્વાસ પર એવો આક્ષેપ કર્યો હતો કે, 'તું મારી દીકરી સામે કેમ જુએ છે અને તેને કેમ હેરાન કરે છે?' આ બાબતે ઉગ્ર બોલાચાલી કરીને આરોપીએ કિશોરને ચેતવણી આપતા કહ્યું હતું કે, 'તું ધ્યાન રાખજે.' ત્યારબાદ મામલો બિચક્યો હતો અને બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી કિશોરને ગંદી ગાળો આપી હતી. આરોપીઓએ ઉશ્કેરાઈને ૧૬ વર્ષના વિશ્વાસને હાથ અને પગ વડે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. એટલું જ નહીં, હુમલાખોરોએ જતી વખતે કિશોરને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ મનિષકુમાર ધીરૂભાઈ જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીની યુવતીને ભાવનગર, ગારિયાધારમાં સાસરિયાની કનડગત થતા પોલીસ ફરિયાદ

**પતિએ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો**

અમરેલી, તા. ૨૮

અમરેલીની યુવતીને ભાવનગર, ગારિયાધારમાં સાસરિયાએ કનડગત કરી હતી. આ અંગે એકતાબેન હરકિશનભાઈ કાલીયાણી (ઉ.વ.૩૪)એ પતિ હરકિશનભાઈ વિનુભાઈ કાલીયાણી, સાસુ પ્રભાબેન વિનુભાઈ કાલીયાણી તથા નણંદ હેતલબેન સંજયભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના લગ્નના તા.૨૮/૦૧/૨૦૧૪ થી તા.૦૨/૦૯/૨૫ સમયગાળા દરમ્યાન પતિ, સાસુ તથા નણંદે ઘરકામ બાબતે અવાર-નવાર મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપી ગાળો આપી હતી. પતિએ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

## મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

**-: જાહેર નોટીસ :-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૦૬/૨૦૨૬

**અરજદારશ્રી:-** શ્રી સવજીભાઈ પોપટભાઈ વસાણી,
રે.જંગર, તા.વડીયા, જી.અમરેલી
**એડ.શ્રી હરેશ વી.કોટડીયા મો.૯૦૧૬૭ ૭૮૮૨૧**

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી જંગર, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સવજીભાઈ પોપટભાઈ વસાણીએ તેમના બહેન કસ્તુરબેનનો જન્મ તા.૦૧/૦૯/૧૯૬૧ ના રોજ મુ.જંગર, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા

## મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

**-: જાહેર નોટીસ :-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૦૫/૨૦૨૬

**અરજદારશ્રી:-** શ્રી શાંતાબેન ભીખાભાઈ ગજેરા,
રે.મોટા ઉજળા, તા.વડીયા, જી.અમરેલી
**એડ.શ્રી હરેશ વી.કોટડીયા મો.૯૦૧૬૭ ૭૮૮૨૧**

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી મોટા ઉજળા, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શાંતાબેન ભીખાભાઈ ગજેરાએ તેમના પુત્રી રસીલાબેનનો જન્મ તા.૧૮/૦૪/૧૯૮૨ ના રોજ મુ.મોટા ઉજળા, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ કેસ-નં.26/2026

પ્રતિ,
શ્રી પુનીબેન જાદવભાઈ સોલંકી
રહે. પાલડી, ગામ-પાલડી, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત પાલડી, તા.ઉના, જિ. ગીરસોમનાથ ...........સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના પાલડી ગામના રહીશ જાદવભાઈ દેવાયતભાઈ સોલંકી તથા પુનીબેન જાદવભાઈ સોલંકીના પુત્ર બાબુભાઈ જાદવભાઈ સોલંકીનો જન્મ તા.01/06/1972 ના રોજ ઉના તાલુકાના પાલડી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત પાલડી, તા. ઉના સને-1972 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

**તંત્રી લેખ**

# બજેટ સત્ર એટલે રાષ્ટ્રના આર્થિક વિકાસનું સોપાન

પાટનગર નવી દિલ્હીના સંસદ ભવનમાં બજેટ સત્રનો પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે વિપક્ષો પોતાની જવાબદારી સમજી રાષ્ટ્ર વિકાસના મુદ્દા પર સરકારને સહયોગ આપે તે જરૂરી છે. લોકશાહીમાં સરકારની ભૂલો સુધારવાનું કામ વિપક્ષોનું છે પરંતુ આ બહાને સંસદ ભવનની ગરિમાને હાનિ પહોંચે તે રીતનું સાંસદોનું વર્તન શોભારૂપ નથી. સંસદનું બજેટ સત્ર શરૂ થતું હોય ત્યારે દેશની નજર સ્વાભાવિક રીતે દિલ્હી તરફ વળે છે. કારણ કે આ સત્ર માત્ર આંકડાઓ, યોજનાઓ કે કાયદાઓ પૂરતું સીમિત નથી. તે લોકશાહીના જીવંત સ્વરૂપનું પ્રતિબિંબ છે. અહીં સરકાર પોતાની દિશા સ્પષ્ટ કરે છે અને વિપક્ષ તેને કસોટી પર ચઢાવે છે. આ સત્ર દેશના ભવિષ્યની ચર્ચાનો મહત્વનો મંચ છે. સત્રની શરૂઆત રાષ્ટ્રપતિના અભિભાષણથી થાય છે. આ અભિભાષણ સરકારના આગામી વર્ષની પ્રાથમિકતાઓ, નીતિઓ અને વિઝનની રૂપરેખા આપે છે. ત્યારબાદ આભાર પ્રસ્તાવ પર ચર્ચા થાય છે, જેમાં વિપક્ષને સરકારના દાવાઓ પર પ્રશ્ન ઉઠાવવાની તક મળે છે. થોડા દિવસોમાં રજૂ થતું બજેટ તો સમગ્ર સત્રનું કેન્દ્રબિંદુ બની જાય છે. આ બજેટમાં માત્ર ખજાનાની આવક-જાવક જ નહીં, પરંતુ સામાન્ય નાગરિકની આશા અને ચિંતા પણ જોડાયેલી હોય છે. આ વર્ષે બજેટ સત્રને લઈને શરૂઆતથી જ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. વિપક્ષે સ્પષ્ટ કર્યું છે કે તે માત્ર ઔપચારિક હાજરી પૂરતું સીમિત નહીં રહે, પરંતુ અનેક જનસંબંધિત મુદ્દાઓ પર સરકારને ઘેરશે. આ સ્વસ્થ લોકશાહી માટે જરૂરી પણ છે. પ્રશ્ન એ છે કે આ વિરોધ ચર્ચા સુધી સીમિત રહેશે કે અવરોધ સુધી પહોંચી જશે. મનરેગા જેવી યોજના પર ઉઠતા પ્રશ્નો ગ્રામ્ય ભારતની હકીકત દર્શાવે છે. કરોડો પરિવારો માટે આ યોજના રોજગાર અને માનવ ગૌરવનો આધાર છે. ફાળવણીમાં ઘટાડો, કામના દિવસો, વેતન ચુકવણીમાં વિલંબ, આ બધાં મુદ્દા માત્ર કાગળ પરના આંકડા નથી. તે ગામડાંના ઘરોમાં સળગતા ચૂલાની આગ સાથે જોડાયેલા છે. આ મુદ્દે સંસદમાં ગંભીર અને સંવેદનશીલ ચર્ચા થવી જરૂરી છે. આર્થિક મોરચે પણ અનેક પડકારો છે. રૂપિયાની ઘટતી કિંમત એક તરફ નિકાસકારોને થોડી રાહત આપે છે, પરંતુ બીજી તરફ આયાત મોંઘી બનાવે છે. ખાસ કરીને તેલ, ખાતર અને આવશ્યક વસ્તુઓની કિંમત વધે ત્યારે તેનો સીધો બોજ સામાન્ય માણસ પર પડે છે. મધ્યમ વર્ગનું ઘરેલુ બજેટ પહેલેથી જ દબાણમાં છે. આવા સમયમાં સરકારની નાણાકીય નીતિ પર સ્પષ્ટ ચર્ચા જરૂરી છે. વિદેશી વેપાર અને ભૂરાજનીતિ પણ આ સત્રના મહત્વના વિષયો છે. રશિયા પાસેથી તેલ ખરીદી, અમેરિકા સાથેના વેપાર સંબંધો, આયાત-નિકાસ ટેરિફ- આ બધા નિર્ણયો દેશની આર્થિક સુરક્ષા અને વૈશ્વિક પ્રતિષ્ઠાને અસર કરે છે. આવા મુદ્દાઓ પર ખુલ્લી અને પારદર્શક ચર્ચા થવી જોઈએ, જેથી જનતાને સરકારના નિર્ણયોની સમજ મળે. પર્યાવરણ અને વાયુ પ્રદૂષણનો પ્રશ્ન હવે વૈકલ્પિક વિષય રહ્યો નથી. તે આપણા સ્વાસ્થ્યનો સીધો પ્રશ્ન છે. દિલ્હી સહિત અનેક શહેરોમાં શ્વાસ લેવો મુશ્કેલ બન્યો છે. આ સ્થિતિ માટે કોણ જવાબદાર છે—કેન્દ્ર, રાજ્ય, ઉદ્યોગો કે નાગરિકો? આ પ્રશ્નનો જવાબ શોધવા સંસદ શ્રેષ્ઠ મંચ છે. માત્ર આરોપો નહીં, પરંતુ ઉકેલોની ચર્ચા જરૂરી છે. પરંતુ આ તમામ મુદ્દાઓ પર અર્થપૂર્ણ ચર્ચા ત્યારે જ શક્ય બને, જ્યારે સંસદ સુચારુ રીતે ચાલે. સર્વપક્ષીય બેઠકમાં એજન્ડા અંગે ઉઠેલા વિવાદો ચિંતા જન્માવે છે. સ્પષ્ટ એજન્ડા અને સમયપત્રક વિના ચર્ચા દિશાહીન બની શકે છે. સંસદ કોઈ રાજકીય રંગમંચ નહીં, પરંતુ નીતિ નિર્માણનું કાર્યસ્થળ છે.

# મુક્ત વેપાર કરાર એટલે રાષ્ટ્રના આર્થિક વિકાસના નવા સોપાન



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

મુક્ત વ્યાપારી કરાર એટલે રાષ્ટ્રના બીજા દેશો સાથેના વેપાર અંગેની સમજૂતી. સાદી ભાષામાં કહીએ તો તમારા ગામ, શહેર અથવા રાજ્યની સીમા પર એક મોટો દરવાજો છે, જે ખુલ્લો પણ હોઈ શકે છે અને બંધ પણ. જ્યારે એ દરવાજો બંધ હોય છે, ત્યારે બહારથી કંઈક લાવવા માટે ભારે ફી ભરવી પડે છે, અને અંદરથી કંઈક મોકલવા માટે પણ વિવિધ નિયમો અને અડચણોનો સામનો કરવો પડે છે. આથી બધું જ મુશ્કેલ અને ખર્ચાળ બની જાય છે. હવે ધારો કે એ દરવાજો સંપૂર્ણ રીતે ખુલ્લો રાખવામાં આવે છે. લોકો, વિચારો અને માલસામાન સરળતાથી અને ઓછા ખર્ચે આગળ-પાછળ જઈ શકે છે. બે અથવા વધુ દેશો વચ્ચે થતો મુક્ત વેપાર કરાર આ જ રીતે કામ કરે છે. તે એક સમજૂતીપત્ર છે જે રાષ્ટ્રો વચ્ચેના વેપારના દરવાજાઓને ખુલ્લા રાખવા માટે બનાવવામાં આવે છે, જેથી આર્થિક સ્રોતોનો ઝડપી અને કાર્યક્ષમ આવરો-જાવરો શક્ય બને. મુક્ત વેપાર કરાર, જેને ઘણીવાર તેના અંગ્રેજી 'ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ' અથવા એફટીએ દ્વારા ઓળખવામાં આવે છે, તે દેશો વચ્ચેની એક ઔપચારિક સંધિ છે. આ સંધિમાં ભાગ લેતા દેશો એકબીજા પર લાદવામાં આવેલા વ્યાપારિક અવરોધોને ઘટાડવા અથવા સંપૂર્ણ રીતે દૂર કરવા માટે સંમત થાય છે. આ અવરોધોમાં સૌથી સામાન્ય છે આયાત શુલ્ક, એટલે કે એક દેશમાં બીજા દેશમાંથી આવતા માલ પર લગાડવામાં આવતો વધારાનો કર. આ ઉપરાંત, કેટલાક દેશો માત્ર એક નિશ્ચિત માત્રામાં જ માલની આયાતની મંજૂરી આપે છે, જેને ક્વોટા કહેવામાં આવે છે, અથવા તો વિવિધ પ્રકારની તકનીકી અને નિયામક અડચણો ઊભી કરે છે. મુક્ત વેપાર કરારનો મુખ્ય ઉદ્દેશ્ય આ બધી જાતની રુકાવટોને વ્યવસ્થિત રીતે દૂર કરવાનો છે, જેથી ભાગીદાર દેશો વચ્ચેનો વેપાર કુદરતી અને અવરોધમુક્ત રીતે વહી શકે. આ કરારનો પાયામાં રહેલો તર્ક એ છે કે મુક્ત અને નિષ્પક્ષ વેપાર બધા માટે ફાયદાકારક છે. જ્યારે ઊંચા શુલ્ક અદૃશ્ય થાય છે, ત્યારે બીજા દેશમાંથી આવતો માલ સ્થાનિક બજારમાં વધુ સસ્તો થાય છે. આ ઉપભોક્તાઓને વધુ પસંદગી અને ઓછી કિંમતે ઉત્પાદનો મેળવવાની તક આપે છે. વેપારી સંસ્થાઓ માટે, આનો અર્થ એ થાય છે કે તેમની પહોંચ નવા અને વિશાળ બજારો સુધી વધે છે, જ્યાં તેમના ઉત્પાદનો માટે નવી માંગ ઊભી થઈ શકે છે. આ ચક્ર, જો સફળતાપૂર્વક ચાલુ રહે, તો સહભાગી દેશોની અર્થવ્યવસ્થાઓમાં વધુ પ્રવૃત્તિ, વધુ રોજગારી, વધુ નવીનતા અને સમગ્ર રીતે મજબૂત થવાની પ્રક્રિયાને પ્રોત્સાહન આપે છે. વિચાર એ છે કે જ્યારે વેપારનો પ્રવાહ સરળ બને છે, ત્યારે સંપત્તિનું સર્જન પણ વધુ સરળ બને છે. ભારત જેવી વિવિધતાથી ભરપૂર અને વિશાળ અર્થવ્યવસ્થા માટે, આવા મુક્ત વેપાર કરારો ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. એક પ્રમુખ લાભ તો નિકાસ ક્ષેત્રને મળે છે. ભારત અન્ય દેશો સાથે, જેમ કે યુરોપિયન યુનિયન, યુકે અથવા ઑસ્ટ્રેલિયા સાથે કરાર કરે છે, ત્યારે સુરતના હીરા, લુધિયાનાના કપડાં, દાર્જિલિંગની ચા અથવા પૂણે અને બેંગલોરના ઈજનેરી ઉત્પાદનો પર લાગતા ભારે શુલ્ક દૂર થઈ શકે છે. આનો સીધો અર્થ એ છે કે આ ઉત્પાદનો તે બજારોમાં વધુ સ્પર્ધાત્મક કિંમતે પહોંચશે, જેથી વિદેશી ગ્રાહકો માટે તેમને ખરીદવા આકર્ષણ વધશે. પરિણામે, ભારતીય ઉત્પાદનોની માંગ વધવાની અને નિકાસના આંકડાઓમાં ચડતી આવવાની સંભાવના છે. આ નિકાસમાં વૃદ્ધિ ઉદ્યોગોને વિસ્તૃત કરવા, નવા યુનિટો સ્થાપવા અને સ્વાભાવિક રીતે, વધુ લોકોને રોજગારી પ્રદાન કરવા પ્રેરે છે. બીજો મોટો ફાયદો ઉપભોક્તાઓને મળે છે. જે રીતે ભારતીય માલ વિદેશમાં સસ્તો થાય છે, તે જ રીતે આપણે ભારતમાં રહીએ છીએ ત્યારે વિદેશી માલ પણ સસ્તો થઈ જાય છે. એફટીએ હેઠળ, યુરોપીયન ડિઝાઈનર કપડાં, દક્ષિણ-પૂર્વ એશિયાના તાજા ફળો, ઉચ્ચ-ગુણવત્તાના ઈલેક્ટ્રોનિક્સ અથવા નવીનતમ ગેજેટ્સ જેવા ઉત્પાદનો પર લાગતું શુલ્ક ઘટી શકે છે અથવા ખતમ થઈ શકે છે. આનાથી ભારતીય બજારમાં ગ્રાહકોને પહેલાં કરતાં વધુ સસ્તી કિંમતે અને વધુ વિવિધતાભરી વસ્તુઓ મળવાની શક્યતા છે. આ ઉપભોક્તા સત્તા અને જીવનધોરણમાં સુધારો લાવે છે. ત્રીજો મહત્વનું પાસું રોકાણ અને તકનીકના પ્રવાહ સાથે જોડાયેલ છે. ઘણા આધુનિક મુક્ત વેપાર કરારો માત્ર માલસામાનના વેપાર સુધી જ મર્યાદિત નથી રહેતા. તેમાં સેવાઓના વેપાર, બૌદ્ધિક સંપત્તિ અને સૌથી મહત્વનું પ્રત્યક્ષ વિદેશી રોકાણને સરળ બનાવવાના નિયમો પણ સામેલ હોય છે. જ્યારે એફટીએ હેઠળ નિયમો સ્પષ્ટ અને અનુકૂળ બને છે, ત્યારે વિદેશી કંપનીઓ માટે ભારતમાં પૈસા રોકવા, ફેક્ટરીઓ બનાવવી, સંશોધન કેન્દ્રો સ્થાપવા અને સ્થાનિક સંપર્કો વિકસાવવા વધુ આકર્ષક બને છે. આ 'મેક ઈન ઈન્ડિયા' પહેલને વેગ આપે છે, ઉદ્યોગોને આધુનિકીકરણ માટે તકનીક અને જ્ઞાન મળે છે અને ઉચ્ચ-ગુણવત્તાના રોજગારોનું સર્જન કરે છે. ચોથી બાજુ સ્પર્ધા અને નવીનતાની છે. જ્યારે ભારતીય કંપનીઓને વૈશ્વિક ધોરણે સીધી સ્પર્ધા કરવી પડે છે, ત્યારે તેમને સ્વયં સુધારો કરવા માટે પ્રેરણા મળે છે. તેમને તેમની ઉત્પાદન પ્રક્રિયાઓ વધુ કાર્યક્ષમ બનાવવી પડે છે, ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે, ખર્ચ કાબૂમાં રાખવો પડે છે અને સતત નવીન ઉત્પાદનો અને સેવાઓ વિકસાવવી પડે છે. આ સ્પર્ધાત્મક દબાણ લાંબા ગાળે સમગ્ર ઉદ્યોગ સમુદાયને મજબૂત અને વધુ ટકાઉ બનાવે છે. જોકે, આ બધા સંભવિત લાભની સાથે કેટલીક ગંભીર ચિંતાઓ અને પડકારો પણ જોડાયેલા છે. સૌથી મોટી ચિંતા ભારતના કેટલાક સંવેદનશીલ અથવા ઉભરતા ઉદ્યોગો પરની અસર છે. જો શુલ્ક દૂર થાય અને સસ્તા વિદેશી માલનો પ્રવાહ શરૂ થાય, તો ભારતની નાની અને મધ્યમ કંપનીઓ અથવા ઓછા કાર્યક્ષમ ઉદ્યોગો માટે તેની સાથે સ્પર્ધા કરવી અત્યંત મુશ્કેલ બની શકે છે. આનાથી ઉદ્યોગોને નુકસાન, નફામાં ઘટાડો અને રોજગારી ગુમાવવાનું જોખમ રહેલું છે. તેથી જ, એફટીએની વાટાઘાટો કરતી વખતે સરકારે ખૂબ જ સમજદારી અને સંવેદનશીલતા બતાવવી જરૂરી છે. કેટલાક ઉદ્યોગો માટે શુલ્ક ઘટાડવાની સાંકળી અવધિ આપવી, અથવા તો બિલકુલ બાકાત રાખવી, જેથી તેમને સ્પર્ધા માટે તૈયાર થવાનો સમય મળે. નિષ્કર્ષમાં કહી શકાય કે મુક્ત વેપાર કરારો એ ભારત જેવી વિકાસશીલ અર્થવ્યવસ્થા માટે વૈશ્વિક સપાટી પર જોડાવાનું અને પોતાની સ્થિતિ મજબૂત કરવાનું એક શક્તિશાળી માધ્યમ છે. તે કોઈ જાદુની લાકડી નથી, પરંતુ એક રણનીતિક સાધન છે, જેનો ઉપયોગ સમજદારીથી અને ભવિષ્યદ્રષ્ટિથી કરવામાં આવે તો ભારતના આર્થિક પરિદ્રશ્યને નોંધપાત્ર રીતે ફેરવી શકે છે. વેપાર અને રોકાણના નવા માર્ગો ખુલ્લા કરીને, ભારત વધુ નિકાસ, વધુ રોજગારી, વધુ નવીનતા અને વધુ સમૃદ્ધિની દિશામાં પ્રયાણ કરી શકે છે. આ એક સંતુલનની ક્રિયા છે - આંતરરાષ્ટ્રીય તકોનો લાભ લેવો અને તે સમયે સ્થાનિક હિતોનું સંરક્ષણ કરવું. સાવચેતી અને યોજનાબદ્ધ રીતે આગળ વધતા, મુક્ત વેપાર કરારો ભારતને એક વધુ સક્ષમ, સ્પર્ધાત્મક અને વૈશ્વિક રીતે જોડાયેલી અર્થવ્યવસ્થા બનવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.


**મુક્ત વેપાર અને રોકાણના નવા માર્ગો ખુલ્લા કરીને, ભારત વધુ નિકાસ, વધુ રોજગારી, વધુ નવીનતા અને વધુ સમૃદ્ધિની દિશામાં પ્રયાણ કરી શકે. સાવચેતી અને યોજનાબદ્ધ રીતે આગળ વધતા, મુક્ત વેપાર કરારો ભારતને એક વધુ સક્ષમ, સ્પર્ધાત્મક અને વૈશ્વિક રીતે જોડાયેલી અર્થવ્યવસ્થા બનવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૭૦ | ૧૬૨૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૩ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૮૯૫ | ૧૦૯૦ |
| જુવાર લાલ | ૯૦૦ | ૧૦૭૦ |
| બાજરી | ૩૬૨ | ૪૦૦ |
| મકાઇ | ૩૨૦ | ૩૮૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ચણા પીળા | ૯૧૦ | ૧૧૩૦ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૭૦૦ |
| મગ | ૧૦૮૦ | ૧૭૫૦ |
| વાલ દેશી | ૬૦૧ | ૧૧૦૧ |
| ચોળી | ૮૦૦ | ૧૩૭૪ |
| મઠ | ૧૦૦૦ | ૨૦૩૨ |
| વટાણા | ૪૦૦ | ૧૬૦૦ |
| રાજમા | ૫૦૦ | ૧૪૫૧ |
| મગફળી જાડી | ૧૨૧૫ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૧૨૪૦ | ૧૭૧૭ |
| તલી | ૧૬૫૦ | ૨૦૭૫ |
| એરંડા | ૧૧૦૭ | ૧૨૪૫ |
| અજમો | ૧૯૦૦ | ૨૮૦૦ |
| સોયાબીન | ૧૦૨૫ | ૧૧૦૦ |
| સીંગફાડા | ૧૦૮૦ | ૧૭૩૦ |
| કાળા તલ | ૩૧૫૦ | ૪૮૦૦ |
| લસણ | ૧૦૫૧ | ૧૫૫૦ |
| ધાણા | ૧૨૯૦ | ૧૯૯૫ |
| મરચા સુકા | ૨૮૦૦ | ૫૬૦૦ |
| ધાણી | ૧૪૨૦ | ૨૨૫૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૮૬૩ |
| જીરૂ | ૪૧૧૧ | ૪૬૬૦ |
| રાય | ૧૦૪૦ | ૧૭૧૧ |
| મેથી | ૮૦૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૧૭૨ |
| રાયડો | ૯૫૦ | ૧૨૬૦ |
| રજકાનું બી | ૬૦૦૦ | ૭૩૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૨૧ | ૪૩૬ |
| પપૈયા | ૫૬ | ૧૪૪ |
| બટેટા | ૯૧ | ૨૪૧ |
| ડુંગળી સુકી | ૬૪ | ૩૦૦ |
| ટમેટા | ૧૯૭ | ૩૪૨ |
| સુરણ | ૫૬૧ | ૭૬૮ |
| કોથમરી | ૨૦૩ | ૨૯૩ |
| મુળા | ૨૧૧ | ૪૦૩ |
| રીંગણા | ૨૪૩ | ૪૩૧ |
| કોબીજ | ૮૧ | ૧૨૧ |
| ફ્લાવર | ૨૧૧ | ૪૯૩ |
| ભીંડો | ૪૪૯ | ૮૧૪ |
| ગુવાર | ૧૦૧૩ | ૧૮૩૪ |
| ચોળાસીંગ | ૫૨૪ | ૮૯૭ |
| વાલોળ | ૨૩૩ | ૫૩૬ |
| ટીંડોળા | ૬૧૫ | ૧૧૯૫ |
| દુધી | ૧૭૮ | ૩૯૬ |
| કારેલા | ૬૯૧ | ૯૮૪ |
| સરગવો | ૬૭૬ | ૧૨૧૭ |
| તુરીયા | ૬૮૩ | ૧૧૦૩ |
| પરવર | ૧૬૧૪ | ૧૯૯૪ |
| કાકડી | ૨૩૧ | ૭૨૩ |
| ગાજર | ૧૪૩ | ૨૫૫ |
| વટાણા | ૩૧૧ | ૪૭૬ |
| તુવેરસીંગ | ૩૨૯ | ૫૨૪ |
| ગલકા | ૬૦૯ | ૯૮૩ |
| બીટ | ૧૧૭ | ૨૩૮ |
| મેથી | ૧૦૬ | ૨૩૩ |
| વાલ | ૪૨૭ | ૬૭૨ |
| ડુંગળી લીલી | ૨૧૩ | ૩૮૧ |
| આદુ | ૧૦૦૭ | ૧૨૪૧ |
| ચણા લીલા | ૧૦૩ | ૩૨૩ |
| મરચા લીલા | ૪૨૪ | ૭૦૩ |
| હળદર લીલી | ૪૪૬ | ૭૧૧ |
| લસણ લીલું | ૪૩૪ | ૯૧૫ |
| મકાઇ લીલી | ૧૪૭ | ૩૧૭ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૨૧ | ૧૬૧૧ |
| ઘઉં લોકવન | ૫૧૪ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૨ | ૫૮૮ |
| મગફળી જીણી | ૧૪૦૦ | ૧૮૫૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૮૯૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૬ | ૧૨૮૧ |
| તલ કાળા | ૨૨૭૬ | ૪૫૦૧ |
| જીરૂ | ૩૩૫૧ | ૪૬૩૧ |
| ધાણા | ૧૦૦૦ | ૨૦૭૬ |
| મરચા સૂકા પટ્ટો | ૧૫૦૧ | ૮૯૦૧ |
| લસણ સુકું | ૬૫૧ | ૧૭૫૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૩૧૬ |
| અડદ | ૧૦૫૧ | ૧૬૩૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૭૪૧ |
| રાય | ૧૦૭૬ | ૧૫૧૧ |
| મેથી | ૧૦૦૧ | ૧૦૭૧ |
| કાંગ | ૩૪૧ | ૬૦૧ |
| સુરજમુખી | ૫૫૧ | ૫૫૧ |
| મરચા | ૧૭૦૧ | ૭૨૦૧ |
| મગફળી જાડી | ૧૨૦૧ | ૧૭૫૧ |
| નવા ધાણા | ૧૨૦૧ | ૨૨૦૧ |
| નવી ધાણી | ૧૩૫૧ | ૩૦૫૧ |
| નવું જીરૂ | ૩૯૦૧ | ૫૪૦૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૫૧ |
| મગફળી ૬૬ | ૧૩૫૦ | ૨૦૮૧ |
| તલ - તલી | ૧૧૫૧ | ૨૯૪૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૯૪૧ |
| ડુંગળી સફેદ | ૧૫૧ | ૨૯૬ |
| મકાઇ | ૨૬૧ | ૩૪૧ |
| મગ | ૧૦૫૧ | ૧૯૩૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૩૧ |
| વાલ | ૩૬૧ | ૯૯૧ |
| ચોળા / ચોળી | ૩૨૬ | ૭૭૬ |
| સોયાબીન | ૮૬૧ | ૧૧૧૬ |
| ગોગળી | ૧૧૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૨૬૧ | ૭૪૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૮૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૧૨૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૧૮૦ | ૭૦૦ |
| ગાજર | ૮૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| તુવેર | ૧૮૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૮૦૦ |
| વટાણા | ૨૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૨ | ૪ |
| તાંજરીયા પુરા | ૩ | ૫ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૩ | ૬ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૧ | ૪ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૭૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૧૬૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૧૬૦ |
| આદુ | ૨૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૪ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૨૦૦ | ૧૭૦૦ |
| શિંગ ૬૬ ન | ૧૪૩૦ | ૧૪૩૦ |
| શિંગ ગીરનાર | ૧૨૪૫ | ૧૬૩૫ |
| શિંગ મોટી | ૧૧૮૦ | ૧૬૦૦ |
| શિંગદાણા | ૧૨૫૦ | ૧૮૩૫ |
| શિંગદાણા ફાડા | ૧૩૪૦ | ૧૮૫૫ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૧૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૫૦૦ |
| બાજરો | ૫૮૦ | ૫૮૦ |
| જુવાર | ૯૬૦ | ૯૬૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૫૦ |
| મગ | ૧૩૭૦ | ૧૩૭૦ |
| અડદ | ૭૪૦ | ૧૩૯૫ |
| ચણા | ૭૦૦ | ૧૦૬૫ |
| દેશી ચણા | ૧૧૦૫ | ૧૧૦૫ |
| સફેદ ચણા | ૯૯૫ | ૧૦૫૫ |
| છોલે ચણા | ૧૩૦૦ | ૧૭૨૦ |
| તુવેર | ૯૧૦ | ૧૬૫૫ |
| કપાસ | ૯૭૫ | ૧૬૪૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૪૦ |
| જીરૂ | ૨૨૫૦ | ૪૩૮૫ |
| રાયડો | ૧૧૧૫ | ૧૧૫ |
| ધાણી | ૧૫૦૦ | ૨૦૦૫ |
| મેથી | ૧૦૩૦ | ૧૦૩૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૧૦૫ |
| મરચા લાંબા | ૧૮૯૦ | ૫૫૦૦ |
| વરીયાળી | ૯૦૦ | ૧૨૦૦ |
| કાંગ | ૫૧૫ | ૫૭૦ |
| નવી ધાણી | ૧૬૨૫ | ૨૦૪૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૭૦ |
| રીંગણા | ૫૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૩૫૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| સુરણ | ૭૦૦ | ૭૯૦ |
| ગાજર | ૩૦૦ | ૩૫૦ |
| દુધી | ૨૨૦ | ૩૦૦ |
| કારેલા | ૮૦૦ | ૯૦૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| મૂળા | ૧૬૦ | ૨૦૦ |
| કાકડી | ૫૦૦ | ૫૮૦ |
| ગુવાર | ૧૬૫૦ | ૨૧૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૨૦ |
| વટાણા | ૪૦૦ | ૪૫૦ |
| ચોળા લીલા | ૮૫૦ | ૯૫૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| આમળા | ૬૦૦ | ૭૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૩૦ |
| ભીંડો | ૯૫૦ | ૧૦૨૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૫૫૦ |
| આદુ | ૧૧૩૦ | ૧૩૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૧૬૦ | ૨૧૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૯૫૦ | ૧૦૦૦ |
| બીટ | ૨૨૦ | ૨૯૦ |
| તુવેર | ૪૫૦ | ૫૫૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૨૦૦ |
| મરચાં લાલ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૯૦૦ |
| લસણ સુકું | ૮૦૦ | ૧૮૦૦ |
| પાલક | ૩૦૦ | ૩૯૦ |
| લીબુ | ૨૦૦ | ૩૧૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૯૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૬૨૫ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૬૭૦ |
| તલ સફેદ | ૧૫૫૧ | ૨૦૫૩ |
| તલ કાળા | ૩૦૦૦ | ૪૧૦૧ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૬૬૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૩૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૪ |
| બાજરો | ૩૫૦ | ૬૩૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૫૧ |
| ચણા | ૯૧૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૬૨૦ |
| એરંડી | ૧૦૫૦ | ૧૧૫૨ |
| ધાણા | ૧૩૦૦ | ૧૭૦૫ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૭૫ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૭૦ | ૧૫૫૧ |
| મગફળી | ૧૧૪૫ | ૧૪૭૦ |
| ઘઉં | ૫૧૧ | ૫૨૨ |
| છોલે ચણા | ૧૭૧૦ | ૧૭૧૦ |
| તુવેર | ૧૩૧૫ | ૧૫૩૧ |
| ધાણા | ૧૭૫૧ | ૧૭૫૧ |
| શીંગ દાણા | ૧૪૩૦ | ૧૬૧૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૫૪ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૩ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૮૦૧ | ૧૮૧૦ |
| જુવાર | ૭૩૦ | ૭૩૦ |
| સોયાબીન | ૯૭૦ | ૧૧૧૨ |
| મગફળી | ૧૧૬૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૨૪૦ | ૧૩૦૦ |
| શીંગ દાણા | ૧૫૨૦ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૧૮૧૦ | ૧૯૨૦ |
| બાજરો | ૨૫૦ | ૨૫૦૦ |
| લસણ | ૪૨૦ | ૫૦૦ |
| રજકાબી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૨૭૫ | ૧૪૪૦ |
| તલ પીળા | ૧૯૬૦ | ૨૦૫૧ |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૨૬ |
| બાજરો | ૩૦૦ | ૩૭૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૦ |
| જુવાર | ૬૦૨ | ૧૧૭૧ |
| મગ | ૮૫૦ | ૧૨૧૨ |
| અડદ | ૮૫૦ | ૧૦૩૦ |
| તુવેર | ૧૪૪૧ | ૧૫૫૧ |
| સોયાબીન | ૯૬૦ | ૯૬૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૮૦ | ૧૬૭૦ |
| કપાસ મીડીયમ | ૧૪૦૦ | ૧૪૯૦ |
| મગફળી જી ૨૦ | ૧૩૩૦ | ૧૬૩૦ |
| ચણા | ૯૧૫ | ૧૦૩૫ |
| જીરૂ | ૩૫૨૫ | ૪૪૫૫ |
| ઘઉં | ૪૭૪ | ૫૩૬ |
| તુવેર | ૧૦૧૫ | ૧૫૦૫ |
| તલ કાળા | ૩૨૩૫ | ૪૪૪૫ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૨૦૦૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૫૨ | ૧૬૫૦ |
| કપાસ સી ગ્રેડ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મગફળી | ૧૪૧૬ | ૧૪૧૬ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૬૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૩૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૫૧ |
| અડદ | ૮૫૧ | ૧૨૫૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૪૬ |
| મગફળી | ૧૦૦૧ | ૧૬૩૧ |
| શીંગ ફાડા | ૧૨૦૧ | ૧૭૦૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૧૯૫૧ |
| જીરૂ | ૧૫૦૧ | ૩૮૫૧ |
| ધાણા | ૧૨૦૧ | ૧૯૫૧ |
| સોયાબીન | ૮૦૧ | ૧૧૦૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૨૬૮ | ૧૪૪૦ |
| શીંગ ૩૯ | ૧૧૯૦ | ૧૩૫૦ |
| શીંગ ૬૬ | ૧૪૫૦ | ૧૫૭૨ |
| શીંગ જી-૨૦ | ૧૪૦૦ | ૧૫૩૨ |
| એરંડા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| જુવાર | ૪૯૨ | ૧૦૦૦ |
| બાજરી | ૩૪૬ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૪૭૬ | ૬૦૪ |
| મકાઇ | ૪૭૭ | ૪૭૭ |
| અડદ | ૭૦૦ | ૧૩૯૯ |
| મગ | ૫૦૪ | ૨૫૨૫ |
| સોયાબીન | ૧૦૧૫ | ૧૦૮૪ |
| ચણા | ૯૫૬ | ૧૦૭૭ |
| તલ સફેદ | ૧૩૧૧ | ૧૯૧૯ |
| તલ કાળા | ૩૧૮૪ | ૪૧૬૦ |
| તુવેર | ૧૩૫૧ | ૧૫૯૮ |
| જીરૂ | ૪૨૯૦ | ૪૨૯૦ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૩૧૧ |
| ડુંગળી સફેદ | ૧૮૯ | ૩૭૪ |
| કપાસ શંકર | ૬૯૦ | ૧૫૪૯ |
| નાળીયેર | ૪૨૪ | ૨૩૯૯ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૩૧ | ૧૬૮૧ |
| મગફળી | ૧૧૭૧ | ૧૫૧૧ |
| ચણા | ૯૫૨ | ૯૫૨ |
| સફેદ તલ | ૧૮૦૧ | ૧૮૦૧ |
| તુવેર | ૧૨૭૬ | ૧૨૭૬ |
| **જામનગર** | | |
| જુવાર | ૮૦૦ | ૯૮૦ |
| બાજરો | ૩૦૦ | ૩૭૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૮૫ |
| ચોળી | ૨૦૦ | ૨૩૫ |
| વાલ | ૮૦૦ | ૯૦૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૪૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૭૪૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૬૨૦ |
| મગફળી ૬૬નં. | ૧૧૦૦ | ૧૫૭૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૪૯ |
| રાયડો | ૧૧૦૦ | ૧૩૪૫ |
| લસણ | ૧૦૧૫ | ૧૪૫૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૧૧૫ | ૪૫૫૦ |
| અજમો | ૧૨૫૦ | ૬૦૦૦ |
| અજમાની ભુસી | ૨૦ | ૨૪૧૦ |
| ધાણા | ૧૫૫૦ | ૧૯૦૫ |
| મરચા | ૧૨૦૦ | ૬૭૦૦ |
| ડુંગળી | ૪૦ | ૩૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૨૧ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

## શબ્દ સંજોગ-૨૧૩૯



**આડી ચાવી :**
(૧) ગાંધીજીનું અમદાવાદ સ્થિત નિવાસસ્થાન (૫)
(૭) ભક્તિગીત (આ-અ) (૩)
(૮) શાહીનો ખડિયો (૩)
(૯) યુનાન દેશનો રહેવાસી (૩)
(૧૧) સેવવું તે, લેવું તે (૩)
(૧૨) ભારતનું એક રાજય (૨)
(૧૩) મરાયેલું, ઘવાયેલું (૨)
(૧૬) પેટનું પડખું (૨)
(૧૭) એક શુભ-મંગળ પ્રતિક (૩)
(૧૮) પાઠ, ધડો (૩)
(૨૦) વૃધ્ધાવસ્થા (૨)
(૨૨) એક રમત (૧)
(૨૩) ચાલો જલારામ બાપાના દર્શને (૪)
(૨૫) સીતાજીના પિતાજી (૩)
(૨૭) ફાનસ હિંદીમાં (૨)
(૨૮) જીભથી માલુમ પડતો સ્વાદ (૨)
(૨૯) એક ચોઘડિયું (૨)
(૩૦) લગ્ન સંબંધથી જોડાયેલું (૨)

**ઉભી ચાવી :**
(૧) જીગર, હૈયું (૩)
(૨) પૂજન (૩)
(૩) કુંભ એક રાશિ (૨)
(૪) ...એ જ પ્રભુસેવા (૪)
(૫) લડાઈનો રથ (૩)
(૬) સીવેલું, જોડી દીધેલું (૨)
(૧૦) એક અટક (૨)
(૧૨) ગોખલો, ગવાક્ષ (૨)
(૧૩) પાંડવોની રાજધાની (૫)
(૧૪) આ કોઈની રાહ જોતી નથી (૨)
(૧૫) એક અટક (૨)
(૧૬) કૂકડી (૨)
(૧૯) શરીર, ડિલ (૩)
(૨૧) યોગનું એક આસન (આ-અ) (૪)
(૨૪) જીભ (૩)
(૨૫) જીદ, હઠ (૨)
(૨૬) ચંદ્રનો સોળમો ભાગ (૨)

## શબ્દ સંજોગ-૨૧૩૮ જવાબ

**આડી ચાવીઃ** (૧) આખી (૨) વૃશ્ચિક (૪) તાપી (૬) શ્રધ્ધા (૭) સરરરર (૮) સાવ (૯) વામ (૧૦) કસ (૧૧) ખમણ (૧૨) કસવું (૧૪) લાળ (૧૫) તીરંદાજ (૧૮) ડમરો (૨૦) માઝા (૨૨) રસમ (૨૪) ફરસી (૨૭) હેં (૨૮) સતાવવું.
**ઉભી ચાવીઃ** (૧) આથો (૨) વૃધ્ધા (૩) કસમ (૪) તારકસ (૫) પીરસવું (૬) શ્રવણ (૮) સામ (૯) વાદ (૧૧) ખમતીધર (૧૨) કળ (૧૩) હજમ (૧૪) લાટી (૧૬) દાડમ (૧૭) તમા (૧૯) રોફ (૨૧) ઝાલવું (૨૩) સમું (૨૫) રસ (૨૬) સીતા.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# માહી ડેરીમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ

અમરેલી,તા.૨૮

રાષ્ટ્રના ૭૭મા પ્રજાસત્તાક દિનની માહી મિલ્ક પ્રોડયુસર ઓર્ગેનાઈઝેશન દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ જિલ્લાઓમાં આવેલી સંસ્થાની કચેરીઓ ખાતે ગ્રામ્ય કક્ષાના કર્મચારીઓ અને દૂધ ઉત્પાદકોએ દેશની આન-બાન સાથે ત્રિરંગાને સલામી આપી હતી તેમજ રાષ્ટ્ર પ્રત્યેની તેમની ફરજ અદા કરી ભવ્ય ધન્યતા અનુભવી હતી. માહી ડેરીના ચીફ એક્ઝિક્યુટીવ આલોકકુમાર ગુપ્તાની આગેવાની હેઠળ રાજકોટ કચેરીના કર્મચારીઓએ પણ ખંઢેરી ખાતે આવેલી માહી કેટલફીડ ફેકટરીના વિશાળ મેદાનમાં ત્રિરંગાને સલામી આપી હતી. આ પર્વે માહી મિલ્ક પ્રોડયુસર ઓર્ગેનાઈઝેશના ચીફ એકિઝક્યુટીવ આલોકકુમાર ગુપ્તાએ દેશના વિકાસ પામી રહેલા અર્થતંત્ર વિશે માહિતી આપી ઉપરાંત માહી એમપીઓના વિઝન, મિશન અને વેલ્યુને ધ્યાન પર રાખીને કર્મચારીઓને મન, વચન અને કર્મથી દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજિક ઉત્થાનમાં કાર્યરત રહેવા અપીલ કરી હતી.




# બાબરાના સુકવળા - સુખપુર રોડને રિસર્ફેસીંગ કરવા રૂ.૧.૪૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરાવતા ધારાસભ્ય જનક તળાવીયા

લાઠી,તા.૨૮



લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે બાબરાના સુકવળા અને સુખપુર ગામને જોડતા અગત્યના માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧.૪૦ કરોડની માતબર ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે. આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી. આ રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૧.૪૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ અંગે જણાવ્યું હતું કે, લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજ્ય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરું છું. આ રોડનું કામ પૂર્ણ થવાથી સુકવળા, સુખપુર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણો ફાયદો થશે અને તેમનો સમય તથા શ્રમ બચશે.

# શ્રેષ્ઠ બીએલઓ તરીકે કામગીરી કરનાર ઉનાના શિક્ષક દંપતીનું સન્માન



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના,તા.૨૮

ગીર સોમનાથ જિલ્લામાં રાષ્ટ્રીય મતદાતા દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે આયોજિત ખાસ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના હસ્તે ઉનાના શિક્ષક દંપતીનું વિશેષ સન્માન કરાયું હતું. આમોદ્રા-૧ વિભાગ માટે મોરી અસ્મિતાબેન બાલુભાઈ અને સુલતાનપુર ગામ માટે જાદવ જયેશભાઈ લખમણભાઈને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ 'શ્રેષ્ઠ BLO' નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

# કાગવડના ખોડલધામ મંદિરે આઈશ્રી ખોડિયાર જયંતીની ભક્તિભાવપૂર્ણ ઉજવણી

કાગવડ, તા.૨૮



૨૬ જાન્યુઆરીને મહા સુદ આઠમના દિવસે કાગવડમાં શ્રી ખોડલધામ મંદિરે આઈશ્રી ખોડિયાર જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે ટ્રસ્ટી વિમલભાઈ પાદરિયા દ્વારા મા ખોડલને વિવિધ મિઠાઈ, ફરસાણ, કેક, મિષ્ટાન્ન સહિતની વાનગીઓનો ૫૬ ભોગનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો અને માતાજીને વિશિષ્ટ આભૂષણો અને ફૂલોથી શણગાર કરવામાં આવ્યો હતો. આ દિવસે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ માતાજી અને અન્નકૂટ દર્શનનો લ્હાવો લેવા પહોંચ્યા હતા. આ અવસરે ટ્રસ્ટી વિમલભાઈ અને તેમના પરિવાર દ્વારા શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા નિર્માણ પામી રહેલ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં ૧,૧૧,૧૧,૧૧૧ (એક કરોડ ૧૧ લાખ ૧૧ હજાર ૧૧૧ રૂપિયા)નું ભૂમિદાન જાહેર કરવામાં આવ્યું હતું. ૨૬મી જાન્યુઆરીના રોજ શ્રી ખોડલધામ મંદિરે ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી, સ્ટાફગણ, શ્રદ્ધાળુઓ અને ટ્રસ્ટીઓની હાજરીમાં રાષ્ટ્રધ્વજ ફરકાવાયો હતો. જ્યારે રાજકોટમાં પણ શ્રી સરદાર પટેલ ભવન ખાતે આ પર્વની ઉજવણી કરાઈ હતી.

# ગાંધીનગર કિસાન સંઘના કાર્યાલય ખાતે હિરેન હિરપરાનું સન્માન




ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર સ્થિત પ્રદેશ કિસાન સંઘ કાર્યાલયની ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના નવનિયુક્ત પ્રમુખ હિરેનભાઈ હિરપરાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે કિસાન સંઘના પ્રદેશ મહામંત્રી આર.કે. પટેલે તેમનું સ્વાગત કર્યું હતું અને ખેડૂતોના પ્રતીક સમાન 'હળ'ની પ્રતિમા અર્પણ કરી વિશેષ સન્માન કર્યું હતું. આ મુલાકાત દરમિયાન ખેડૂત હિતના વિવિધ મુદ્દાઓ પર હકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી.

# ગોંડલ તાલુકાકક્ષાનો ધ્વજવંદનનો કાર્યક્રમ આંબરડી ગામે યોજાયો

ગોંડલ,તા.૨૮

ગોંડલ તાલુકાકક્ષાની ૭૭મા પ્રજાકસત્તાક દિનની ઉજવણી આંબરડી ગામની સરસ્વતી વિદ્યામંદિર ખાતે કરવામાં આવી હતી. તાલુકા મામલતદાર આર.બી. ડોડીયાના હસ્તે સવારે ૦૯ : ૦૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. મામલતદારે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. પોલીસ પરેડ, સશસ્ત્ર સલામી તથા રાષ્ટ્રગાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આંગણવાડીના બાળકોએ ભારતમાતા, શહીદ ભગતસિંહ, ગાંધીજી, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, સુભાષચંદ્ર બોઝ, જીજાબાઈની વેશભૂષાની કૃતિ રજૂ કરી હતી. ગોંડલ શહેર તેમજ તાલુકાના વિશિષ્ઠ પ્રતિભા ધરાવતા ૧૫ વ્યક્તિઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ૪ આંગણવાડીની આશાવર્કર બહેનો, ત્રણ વિદ્યાર્થીઓ જે જ્યોર્જિયા ખાતે એક મિનિટમાં ૮ મિનિટમાં ૨૦૦ દાખલા ગણવાની સ્પર્ધામાં વિજેતા થયેલ બાળકો ઉદેશી હેતાંશ, ડોબરીયા જીયાન, માવાણી તુલસીનું શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. માજી સૈનિક નરેન્દ્રસિંહ સતુભા ગોહિલ તેમજ ફોરેસ્ટ કર્મચારીઓ પી.એમ. ચુડાસમા, એસ.જે. ચુડાસમા, માધવભાઈ એચ. વ્યાસનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપી સન્માન કરાયું હતું.



તસવીર : ભોજાણી દેવાંગ

# ધોરાજીમાં ઈન્સ્ટાગ્રામ પર લક્ઝરી ઘડિયાળ વેચવાના નામે સાયબર કૌભાંડ: ૪ શખ્સો સામે ગુનો દાખલ

ધોરાજી,તા.૨૮

ધોરાજીમાં સોશિયલ મીડિયાના માધ્યમથી મોંઘી ઘડિયાળો વેચવાના નામે ચાલતા સાયબર કૌભાંડનો પર્દાફાશ થયો છે. ઈન્સ્ટાગ્રામ પર લક્ઝરી ઘડિયાળોના વીડિયો અને ફોટા મૂકી ગ્રાહકો પાસેથી એડવાન્સ પેમેન્ટ મેળવી છેતરપિંડી કરવા બદલ ધોરાજી પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધ્યો છે. પોલીસે ધોરાજી સુધરાઈ કોલોનીમાં રહેતાં સિકંદર સલીમ શેખ, સુફીયાન સલીમ શેખ તેમજ દાણાવાલા ચોકના ઉસ્માન સલીમ કાંગડા અને અહેમદ સલીમ કાંગડા વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ઈન્સ્પેક્ટર કે.એસ. ગરચરના જણાવ્યા મુજબ, મુખ્ય સૂત્રધાર ઉસ્માન સલીમ કાંગડા છેલ્લા દોઢ વર્ષથી ઈન્સ્ટાગ્રામ પર 'll_chrono247_ll' નામનું એકાઉન્ટ ચલાવતો હતો, જેમાં ૧૭,૧૦૦ થી વધુ ફોલોઅર્સ હતા. ગ્રાહકો વોટ્સએપ બિઝનેસ નંબર પર સંપર્ક કરે ત્યારે એડવાન્સ પેમેન્ટ માંગવામાં આવતું. ગ્રાહકનો વિશ્વાસ જીતવા આ ટોળકી 'SELLOSHIP' નામની એપ્લિકેશન દ્વારા નકલી કુરિયર ટ્રેકિંગ આઈડી જનરેટ કરી મોકલતી હતી, જેથી ગ્રાહક પૂરા નાણાં ચૂકવી દે. પૈસા મળ્યા બાદ ગ્રાહકને બ્લોક કરી દેવામાં આવતા હતા. આ કૌભાંડમાં ઉસ્માન તેના ભાઈઓ અને મિત્રોના બેંક ખાતાઓનો ઉપયોગ કરતો હતો. જેમાં ખાતાધારકને ૨૦ ટકા કમિશન મળતું અને બાકીના ૮૦ ટકા નાણાં ઉસ્માન રોકડા મેળવતો હતો. પોલીસ તપાસમાં સિકંદરના ખાતામાં વલસાડના ઉમરગામ અને સુફિયાનના ખાતામાં પશ્ચિમ બંગાળના દક્ષિણ દિનાજપુર સાયબર ક્રાઈમની ફરિયાદના નાણાં જમા થયાનું ખુલ્યું છે.

## મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

-: જાહેર નોટીસ :-

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૦૩/૨૦૨૬

**અરજદારશ્રી:-** શ્રી કાંતાબેન માવજીભાઈ બાબરીયા,
રે. મોટી કુંકાવાવ, તા.વડીયા, જી.અમરેલી
**એડ.શ્રી હરેશ વી.કોટડીયા મો.૯૦૧૬૭ ૭૮૮૨૧**

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી મોટી કુંકાવાવ, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કાંતાબેન માવજીભાઈ બાબરીયાએ તેમના પુત્રી લીલાબેનનો જન્મ તા.૧૫/૦૫/૧૯૭૦ ના રોજ મુ.મોટી કુંકાવાવ, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા

# કોડીનારની ફોરસાઈટ પ્રિ-સ્કૂલમાં નાના વિદ્યાર્થીઓએ પ્રજાસત્તાક દિવસ ઉજવ્યો



તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર,તા.૨૮

કોડીનાર ફોરસાઈટ પ્રિ-શાળાના પ્લે ગ્રુપ, નર્સરી, જુનિયર કે.જી., સિનિયર કે.જી. બાલવાટિકાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. ત્યાર બાદ દેશભક્તિથી ભરપૂર કોમ્પિટિશન "Dress to your best republic day" સાથે સાહિત્યિક રીતે રાષ્ટ્રપ્રેમ સાથે ભાવુક રીતે ઉજવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંચાલક અંકિતાબેન ગોઢાણીયા, અને સ્ટાફ લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## CHANGE OF NAME

I Undersigh DHANANI LILIBEN MUKESHBHAI have changed my name from DHANANI LALITABEN MUKESHBHAI To DHANANI LILIBEN MUKESHBHAI (New) Now i will be known as DHANANI LILIBEN MUKESHBHAI (new)
Sigh : DHANANI LILIBEN MUKESHBHAI
Address: CHAKKARGADH ROAD,B/H PATEL SANKUL,MADHAVPARK SOCIETY,AT- AMRELI, DIST-AMRELI-365601 GUJARAT INDIA

સંકુલ ધો. ૧૧-૧૨
ગર્લ્સ કોમર્સ બપોર
મિશ્ર કોમર્સ સવાર
EM કોમર્સ સવાર
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી -Ad182

## મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

-: જાહેર નોટીસ :-

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૦૭/૨૦૨૬

**અરજદારશ્રી:-** શ્રી ગોવિંદભાઈ કચરાભાઈ સોરઠીયા,
રે.નાની કુંકાવાવ, તા.વડીયા, જી.અમરેલી
**એડ.શ્રી હરેશ વી.કોટડીયા મો.૯૦૧૬૭ ૭૮૮૨૧**

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી નાની કુંકાવાવ, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ગોવિંદભાઈ કચરાભાઈ સોરઠીયાએ તેમના પુત્રી હંસાબેનબેનનો જન્મ તા.૦૨/૦૪/૧૯૭૪ ના રોજ મુ.નાની કુંકાવાવ, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૯૨/૨૫ તા.૦૨/૦૧/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી હનીફભાઈ કાસમભાઈ બોળાતર**
**મુ.દામનગર, તા. લાઠી, જી. અમરેલી**
**મો.૭૦૧૬૯ ૨૫૮૯૦**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા એડવોકેટ**
**દામનગર નગરપાલીકા સામે, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૭૨૦૬૩૨૦**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો હનીફભાઈ કાસમભાઈ બોળાતર નો જન્મ તા.૧૩/૦૨/૧૯૮૧ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૯૩/૨૫ તા.૦૨/૦૧/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી રસીદાબેન ગનીભાઈ ચુડેસરા તે રજાકભાઈ સરમાળીના પત્ની**
**મુ.ખત્રીવાડ, ખોજા મસ્જીદ પાસે, પાલીતાણા, તા.પાલીતાણા**
**જી. ભાવનગર મો.૯૯૦૪૧૧૪૨૯૪**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા એડવોકેટ**
**દામનગર નગરપાલીકા સામે, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૭૨૦૬૩૨૦**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો રસીદાબેન ગનીભાઈ ચુડેસરા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૮ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૮૫/૨૫ તા.૨૭/૦૧/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી ઘનશ્યામભાઈ તળશીભાઈ બોદરા**
**રહે. ૨૦૨, ભગવત કોમ્પ્લેક્ષ, હિંમતનગર સોસા-૧, હીરાબાગ,**
**સુરત-૩૯૫૦૦૬, મો.૯૮૨૫૬ ૨૬૦૯૧**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી એચ.કે.પઢારીયા એડવોકેટ,**
**લાઠી, મો.૯૮૨૪૨ ૬૯૯૫૧**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંસોદર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રનો ઉત્તમ ઘનશ્યમભાઈ બોદરા નો જન્મ તા.૧૭/૦૨/૨૦૦૫ ના રોજ આંસોદર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૨/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

-: જાહેર નોટીસ :-

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૦૪/૨૦૨૬

**અરજદારશ્રી:-** શ્રી પુનાભાઈ રામભાઈ બોદર,
રે. અમદાવાદ, ઠે.પ્રતિક ટેનામેન્ટ કોલોની, તા.જી.અમદાવાદ
**એડ.શ્રી હરેશ વી.કોટડીયા મો.૯૦૧૬૭ ૭૮૮૨૧**

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી નાની કુંકાવાવ, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પુનાભાઈ રામભાઈ બોદરએ તેમના પુત્રી અસ્મિતાબેનનો જન્મ તા.૦૫/૦૫/૧૯૮૧ ના રોજ મુ.નાની કુંકાવાવ, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા

દેવાબાપા આશ્રમ ભેડા પીપળીયાના મહંત ઘનશ્યામ મહારાજ, રાજીવભાઈ ખેતાણી સહિતની હાજરીમાં

# ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે ગણતંત્ર દિનની ઉજવણી

**વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના ગીતો સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા**

અમરેલી,તા.૨૮

આજથી ૭૬ વર્ષ પહેલા ૨૬મી જાન્યુઆરીના દિવસે ભારત દેશનું બંધારણ અમલમાં આવ્યું અને ભારત દેશના નાગરિકોને તેમની ફરજો અને હક્કોથી અવગત કરવામાં આવ્યા તે દિવસ એટલે આપણો રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન. તે અંતર્ગત સરસ્વતીના મંદિર સમી ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સના પટાંગણમાં ૭૭મા પ્રજાસતાક દિનની ઉજવણી ખુબ જ ઉત્સાહ અને ઉમંગથી કરવામાં આવી હતી. જેમાં મહેમાન સંત દેવારામ બાપા આશ્રમ, ભેડા પીપળીયા ધામથી પધારેલ ઘનશ્યામ મહારાજ તથા ખેતાણી મોટર્સ અને ટ્રેક્ટરના રાજીવભાઈ ખેતાણી તથા પધારેલ તમામ મહેમાનો તથા તમામ સ્ટાફ તથા તમામ વિદ્યાર્થીઓનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઘનશ્યામ મહારાજના વરદ હસ્તે ધ્વજવંદન રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યું હતું. ભારતીય પ્રણાલી અને સંસ્કૃતિ મુજબ પધારેલ ઘનશ્યામ મહારાજનું પુષ્પમાળા તથા શાલથી મયુરભાઈ ગજેરા તથા પ્રહલાદભાઈ વામજા દ્વારા તેમજ રાજીવભાઈ ખેતાણીનું પણ શાલ અને પુષ્પહારથી કેતનભાઈ સભાયા અને હિરેનભાઈ સુતરીયા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ધોરણ ૧૧ સાયન્સની વિદ્યાર્થિની કુ. કરકર પ્રાંચી અને આંબલીયા સાક્ષી દ્વારા સુંદર મજાનું દેશભક્તિનું ગીત રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાસ પધારેલ ઘનશ્યામ મહારાજે દેશની આઝાદી કેટલી મોંઘી છે અને તે મેળવવા જેમનું પણ બલિદાન છે તેમને પણ યાદ કર્યા અને વિદ્યાર્થીઓને જીવનમાં અભ્યાસનું શું મહત્વ છે તે સમજાવી આશીર્વાદ પાઠવ્યા હતા. અંતમાં શિક્ષણ વિભાગના નિલેષભાઈ દ્વારા આભારદર્શન કરવામાં આવ્યું હતું. તેમ ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સના સંચાલક મંડળની યાદીમાં જણાવાયુ છે.





# લગ્નની લાલચ આપી ધારીના દેવળા ગામના યુવક સાથે રૂ.૮ લાખની છેતરપિંડી

ધારી, તા. ૨૮

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના દેવળા ગામે લગ્નના બહાને છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. ભેજાબાજ ટોળકીએ યુવકને લગ્ન કરાવવાની અને સાથે મકાન-ગાડી આપવાની લાલચ આપી કુલ રૂ.૮,૦૩,૬૦૦ પડાવી લીધા હતા. અશોકભાઈ બાલુભાઈ વસોયા (ઉ.વ.૪૮) એ રવિ શર્મા મોબાઈલ નંબર ૯૯૯૨૦૩૭૫૬૧ ના ધારક, વિજય પ્રકાશ મોબાઈલ નંબર ૮૧૦૭૯૪૭૫૬૯ ના ધારક તથા પુજા મોબાઈલ નંબર ૮૮૨૪૩૬૭૮૭૭ ના ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, તેમનો સંપર્ક રવિ શર્મા, વિજય પ્રકાશ અને પૂજા નામની વ્યક્તિઓએ (મોબાઈલ નંબરો સાથે) કર્યો હતો. આ ટોળકીએ તેઓ તેના લગ્ન પૂજા સાથે કરાવી આપશે તેમ કહ્યું હતું. એટલું જ નહીં, લગ્નની સાથે-સાથે પ્લોટ, મકાન અને ફોર-વ્હીલર ગાડી પણ અપાવવાની મોટી લાલચો આપવામાં આવી હતી. ઠગબાજોએ ફરિયાદીનો વિશ્વાસ જીતી તેની પાસે અલગ-અલગ બેંકોમાં ખાતા ખોલાવ્યા હતા. ત્યારબાદ, લગ્ન અને મિલકતની પ્રક્રિયાના બહાને ફરિયાદી પાસે અલગ-અલગ તારીખોએ આ ખાતાઓમાં નાણાં જમા કરાવડાવ્યા હતા. જ્યારે ફરિયાદીએ વિશ્વાસ રાખીને પોતાના જ ખાતાઓમાં કુલ રૂ.૮,૦૩,૬૦૦ જમા કરાવ્યા, ત્યારે આરોપીઓએ આ તમામ રકમ ઉપાડી લીધી હતી. લાંબો સમય વીતવા છતાં ન તો લગ્ન થયા કે ન તો કોઈ મિલકત મળી, ત્યારે યુવકને પોતાની સાથે ઓનલાઈન વિશ્વાસઘાત થયો હોવાનો અહેસાસ થયો હતો. ધારી પોલીસ સ્ટેશનના પીઆઈ કે.બી. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયાના ઈન્ચાર્જ મામલતદારે SIR ની કામગીરીમાં માનવતા મહેકાવી : વૃદ્ધો અને દિવ્યાંગોને ઘરે જઈને સાંભળ્યા

વડિયા, તા.૨૯

સમગ્ર દેશમાં અને અમરેલી જિલ્લામાં SIRની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. રવિવારની રજાઓમાં પણ વહીવટી તંત્ર ધમધમતું જોવા મળી રહ્યું છે. જે લોકો બીએલઓને ડોક્યુમેન્ટ આપી શક્યા ન હતા, તેવા અરજદારોને સાંભળવા માટે તારીખ ૧ થી ૨૦ સુધી ગ્રામીણ વિસ્તારમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રથમ સુનાવણી કેમ્પ દરમિયાન વડિયાના ઈન્ચાર્જ મામલતદાર કેજરભાઈ સિંધીએ માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. મામલતદાર, ટીડીઓ અને નાયબ મામલતદાર સહિતના અધિકારીઓ ગામડે ગામડે પહોંચ્યા હતા. તે સમયે ઈન્ચાર્જ મામલતદારે વૃદ્ધો અને દિવ્યાંગ અરજદારોને સુનાવણી સ્થળ પર આવવાની તકલીફ લેવાને બદલે, પોતે તેમના ઘરે જઈને તેમને રૂબરૂ સાંભળ્યા હતા. આમ, તેમણે 'અધિકારી આપના દ્વારે' સુત્રને સાર્થક કર્યું હતું. વડિયાના ઈન્ચાર્જ મામલતદાર તરીકે કેજરભાઈ સિંધીએ ચાર્જ સંભાળ્યો ત્યારથી તેઓ કચેરીમાં લોકોને રૂબરૂ સાંભળે છે અને તમામ વિભાગોની કામગીરી સુવ્યવસ્થિત અને ફરિયાદ વિહોણી બની છે. સમગ્ર ઓફિસ એક પરિવારની જેમ કામ કરી રહી છે ત્યારે મામલતદારની આ કાર્યપદ્ધતિ અને માનવતાભર્યા અભિગમની સમગ્ર તાલુકામાં સરાહના થઈ રહી છે.



# લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા કમી ગામે 'માનવ સ્મૃતિ' સંસ્થામાં ધાબળા વિતરણ: દિવ્યાંગ બાળકોને હૂંફ પૂરી પડાઈ

અમરેલી,તા.૨૮

લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા ચલાલા-સાવરકુંડલા રોડ પર આવેલા કમી ગામ ખાતે આવેલી દિવ્યાંગ બાળકોની વિવિધલક્ષી નિવાસી શાળા 'માનવ સ્મૃતિ' માં સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના બાળકોને આશરે ૪૦ જેટલા ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિયાળાની ઠંડીને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા આ પ્રશંસનીય સેવા કાર્ય કરવામાં આવ્યું હતું. આ તકે લાયન્સ ક્લબના પ્રમુખ બકુલ ભટ્ટ, સેક્રેટરી રજની ધોરાજીયા, હરેશ ધોરાજીયા તેમજ શાળાના નિલેશભાઈ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



# ચિત્તલમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા નિ:શુલ્ક દંત ચિકિત્સા અને નેત્ર યજ્ઞ યોજાયો

અમરેલી, તા.૨૮

ચિત્તલમાં સરસ્વતી વિદ્યા મંદિર ખાતે ૨૬ જાન્યુઆરીના રોજ વિશ્વ હિન્દુ પરિષદ-અમરેલી, વિદ્યાભારતી ટ્રસ્ટ-ચિત્તલ, રણછોડદાસ આંખની હોસ્પિટલ-રાજકોટ, વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ, ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશન-રાજકોટ દ્વારા ઈન્દિરાબેન રસિકલાલ મહેતા અને સિદ્ધાર્થ મહેશ મહેતાની પુણ્યતિથિ નિમિત્તે (ચિત્તલવાળા) હાલ રાજકોટ મહેશભાઈ મહેતા પરિવાર અને સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી જૈન ભોજનાલય મુંબઈ સહયોગથી નેત્ર નિદાન કેમ્પ અને દંત ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે, પરિષદના જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, ઉદ્યોગપતિ લાલભાઈ દેસાઈ, દિનેશભાઈ કચ્છી, ચિત્તલના પ્રમુખ સુખદેવસિંહ સરવૈયા, વેપારી જગદીશભાઈ મોદી, લોક સાહિત્યકાર કૌશિકભાઈ દવે, તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન જે.બી. દેસાઈ, મહિલા અગ્રણી રંજનબેન બાબરીયા, છાયાબેન ગેડિયા વગેરે ઉપસ્થિત રહેલ. આ નેત્ર યજ્ઞમાં ૮૦ દર્દીઓને તપાસવામાં આવેલ. ૬૦ દર્દીઓને વિનામૂલ્યે દાંતની સારવાર કરવામાં આવેલ અને ૨૫ દર્દીઓને બત્રીસી વિનામૂલ્યે કરી આપવામાં આવેલ. આ કેમ્પને સફળ બનાવવા બીપીનભાઈ દવે, જીતુભાઈ વાઘેલા, ખોડભાઈ ધંધુકિયા, છગનભાઈ કાછડીયા, રવજીભાઈ, કનુભાઈ લીંબાચીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ કેમ્પમાં ડો.જયસુખભાઈ મકવાણા, મોનિકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ, ડો. સંજય અગ્રાવત વગેરેએ સેવા આપેલ તેમ ટ્રસ્ટના પ્રમુખ ઈતેશભાઈ મહેતાની યાદીમાં જણાવેલ છે.



# અમરેલી માર્કેટિંગ યાર્ડમાં ગુમ થયેલો મોબાઈલ ફોન પોલીસે શોધીને પરત કર્યો

અમરેલી, તા.૨૮

અમરેલી પોલીસે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત અરજદારનો ગુમ થયેલ મોબાઈલ ફોન શોધીને પરત કર્યો હતો. અમરેલીના રહેવાસી જીલુભાઈ સુરગભાઈ ડાંગરે તા.૧૨/૦૧/૨૦૨૬ ના રોજ પોતે અમરેલી, માર્કેટીંગ યાર્ડ ખાતે પોતાનો મોબાઈલ ફોન પડી ગયો હતો તેની જાણ અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં કરી હતી. આ અંગે સર્વેલન્સ ટીમ દ્વારા હ્યુમન સોર્સની મદદથી રૂ.૨૦,૪૯૯ની કિંમતનો સેમસંગ કંપનીનો A-૧૭ મોડેલનો ગુમ થયેલ મોબાઈલ ફોન શોધીને અરજદારને પરત કર્યો હતો. આ કામગીરી ઈન્સપેક્ટર ડી.કે. વાઘેલા તથા ટીમ દ્વારા કરવામાં આવેલ હતી.



# સા.કુંડલામાં લગ્ન પ્રસંગે દેશભક્તિનો રંગ

સાવરકુંડલા, તા.૨૯

સામાન્ય રીતે લગ્ન પ્રસંગોમાં ગીત-સંગીત અને ડાન્સની રમઝટ જોવા મળતી હોય છે, પરંતુ સાવરકુંડલામાં ૨૬ જાન્યુઆરી ૨૦૨૬, સોમવારના રોજ ૭૭મા પ્રજાસત્તાક દિને એક પરિવારે અનોખી રીતે લગ્નની ઉજવણી કરી હતી. સાવરકુંડલાના લુહાર જ્ઞાતિ સમાજના રાજુભાઈ પરમાર (પેઈન્ટર ડી. એલ. પરમાર)ના પરિવારની પુત્રી ચિ. કિંજલ અને ચિ. અક્ષય કુમારના લગ્ન પ્રસંગે દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. લગ્ન પ્રસંગે વરરાજાની ભવ્ય એન્ટ્રી અને વરમાળાની વિધિ પૂર્ણ થયા બાદ આવેલી જાન અને માંડવીયા પક્ષ બંનેએ સાથે મળીને રાષ્ટ્રધ્વજને સન્માન આપી રાષ્ટ્રગાન ગાયું હતું. આમ, લગ્નમાં રાષ્ટ્રગીતને સ્થાન આપીને સમાજને એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.




**-// જાહેર નોટીસ //-**
(મરણ નોંધના સમર્થનમા)

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

ફો.પ.અ.નં. ૧૪/૨૦૨૬

અરજદાર :- વરૂ ભાવેશભાઈ રામભાઈ ઉ.વ. પુખ્ત ધંધો મજુરીકામ ધર્મે હિન્દુ/ભરવાડ રહે. કરકોલીયા તા.લાઠી જી.અમરેલી
અરજદાર તર્ફે વિ.વ. શ્રી જી.સી. કોટડીયા

- //વિરૂધ્ધ//-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી ત.ક.મ. ગ્રામ પંચાયત કચેરી, કરકોલીયા

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે કરકોલીયા ગામના રહેવાસી છે. અરજદારના સગાદાદીમા સ્વ. વરૂ લાખીબેન નારણભાઈની મરણ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારના સગા દાદીમા સ્વ. વરૂ લાખીબેન નારણભાઈનું અવસાન ૧૬/૧૦/૨૦૨૦ ના રોજ તેમના નિવાસ સ્થાન કરકોલીયા ગામે જે તે સમયે જે અંગેની મરણ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ :- લાઠી
તારીખ :- ૧૬/૦૧/૨૦૨૬

સહી
શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા
મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૮૬/૨૫ — તા.૦૨/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી શેરસિયા નસીમબેન હુસેનભાઈ તે અફજલભાઈ મેતરના પત્ની
મુ.બાબરા, તા. લાઠી, જી. અમરેલી
મો.૯૭૨૩૫ ૦૦૬૬૫
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા એડવોકેટ
દામનગર નગરપાલીકા સામે, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો શેરસિયા નસીમબેન હુસેનભાઈ નો જન્મ તા.૦૫/૦૮/૧૯૮૮ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૮૭/૨૫ — તા.૦૭/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી ઈકબાલભાઈ કાસમભાઈ ચુડેસરા
મુ.દામનગર, તા. લાઠી, જી. અમરેલી મો.૯૯૦૪૧ ૧૪૨૯૪
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા એડવોકેટ
દામનગર નગરપાલીકા સામે, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પિતા તથા માતા કાસમભાઈ અબ્દુલભાઈ ચુડેસરા તથા રેમતબેન કાસમભાઈ ચુડેસરા નો મરણ તા.૦૭/૦૭/૧૯૬૭ તથા ૦૯/૦૪/૧૯૯૧ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૮૯/૨૫ — તા.૦૨/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી ઈકબાલભાઈ કાશમભાઈ ચુડેસરા
મુ.દામનગર, તા. લાઠી, જી. અમરેલી
મો.૯૯૦૪૧ ૧૪૨૯૪
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા એડવોકેટ
દામનગર નગરપાલીકા સામે, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો ઈકબાલભાઈ કાશમભાઈ ચુડેસરા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૯૦/૨૫ — તા.૦૨/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી સુભાનભાઈ સુલેમાનભાઈ ચુડેસરા
મુ.દામનગર, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૯૦૪૧૧૪૨૯૪
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા એડવોકેટ
દામનગર નગરપાલીકા સામે, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના દાદા તથા દાદી અબ્દુલભાઈ આદમભાઈ ચુડેસરા તથા જીવીબેન અબ્દુલભાઈ ચુડેસરા નો મરણ તા.૦૫/૧૨/૧૯૭૫ તથા ૦૩/૧૧/૧૯૯૯ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૯૧/૨૫ — તા.૦૨/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી હનીફાબેન જમાલભાઈ દલ તે રસીદભાઈ જાડેજાના પત્ની
મુ.દામનગર, તા. લાઠી, જી. અમરેલી
મો.૯૯૨૫૬ ૬૦૦૬૪
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા એડવોકેટ
દામનગર નગરપાલીકા સામે, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો હનીફાબેન જમાલભાઈ દલ નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# નાસિકથી જોધપુર જઈ રહેલી સૈન્યની ગાડી સાપુતારા નજીક પલટી મારતા ૯ જવાનો ઘાયલ

સાપુતારા,તા.૨૮



સાપુતારા-શામગહાન ઘાટ માર્ગ પર ૨૮ જાન્યુઆરીએ એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. નાશિકથી જોધપુર તરફ જઈ રહેલી સૈન્યની એક ગાડી વળાંક પર કાબૂ ગુમાવતાં પલટી ગઈ હતી. આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ગાડીમાં સવાર ૧૩ જવાન પૈકી ૯ જવાનને ઈજાઓ પહોંચી છે. જેમાં ૩ જવાનની હાલત ગંભીર છે. ભારતીય સૈન્યનો કાફલો મહારાષ્ટ્રના નાશિકથી રાજસ્થાનના જોધપુર તરફ જઈ રહ્યો હતો. આ ગાડીમાં સૈન્યની તોપ પણ લાદેલી હોવાનું જાણવા મળ્યું છે. સાપુતારાના ડુંગરાળ વિસ્તારના કપરા વળાંકો ઉતરતી વખતે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ગાડી રસ્તા પર જ પલટી ખાઈ ગઈ હતી.અકસ્માતની જાણ થતા જ સ્થાનિક લોકો અને ડાંગ જિલ્લા પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ઘાયલ જવાનોને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકના શામગહાન સીએસસી (CSC) સેન્ટર ખાતે પ્રાથમિક સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. ત્યાર બાદ વધુ સારવાર માટે તમામ ઈજાગ્રસ્ત જવાનોને આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને પગલે ઘાટ માર્ગ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

# અમરેલીની ઠંડીમાં આંશિક ઘટાડો, રાજ્યમાં રાત્રે ફૂંકાતા ઠંડા પવનો

અમદાવાદ,તા.૨૮



ગુજરાતમાં ઠંડીનો પ્રકોપ યથાવત્ રહ્યો છે, જ્યારે ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી વરસાદ અને હિમવર્ષાનો નવો રાઉન્ડ શરૂ થયો છે. હવામાન વિભાગના તાજા અપડેટ અનુસાર, ગુજરાતમાં ઠંડીના કારણે લોકોને હજુ પણ ઠંડક અનુભવાઈ રહી છે, પરંતુ આ વર્ષે શિયાળો સામાન્ય કરતાં હળવો અને ઓછો તીવ્ર રહ્યો છે. રાજ્યમાં ઠંડીનો પ્રકોપ ચાલુ છે, ભૂજમાં ૧૧ ડિગ્રી, રાજકોટમાં ૧૧.૪ ડિગ્રી, અમરેલીમાં ૧૨ ડિગ્રી, પોરબંદરમાં ૧૨ ડિગ્રી, કંડલામાં ૧૨.૭ ડિગ્રી, અમદાવાદમાં ૧૭.૨ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૫.૮ ડિગ્રી, દ્વારકામાં ૧૪.૬ ડિગ્રી અને ઓખામાં ૧૬.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

આઈએમડીએ ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં ભારે વરસાદ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વરસાદ અને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં હિમવર્ષા સાથે વરસાદ તેમજ તમિલનાડુ અને કેરળમાં ભારે વરસાદની આગાહી કરી છે. ૫૫ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે તેવી શક્યતા છે, અને હિમાચલ પ્રદેશ માટે ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

# અમદાવાદમાં ફેસબુક લાઈવ થઈ યુવકે નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કર્યો

અમદાવાદ,તા.૨૮



અમદાવાદના નરોડાના યુવકે ફેસબુક લાઈવ કર્યા પછી ગાંધીનગરના દહેગામ-અમદાવાદ હાઈવે પર આવેલી ઝાક-જલુન્દ્રા બ્રિજ પરથી નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું હતું. આ યુવકે ફેસબૂક લાઈવ કરીને પછી આપઘાત કર્યો. તેણે ફેસબૂક પર લાઈવ થઈને પોતાની આપવીતી જણાવી હતી અને આપઘાત પહેલા ૨ ભાઈઓ પર ગંભીર આરોપ લગાવ્યો હતો. ફાયર વિભાગ દ્વારા કેનાલમાં યુવકના મૃતદેહની શોધખોળ કરવામાં આવી. ઘટનાની જાણ થતાં જ ફાયરની ટીમે ભાવેશ પટેલનો મૃતદેહ શોધવા કવાયત શરૂ કરી. ફાયર જવાનોએ બે કિમીના પટ્ટામાં શોધખોળ કરી છતાં મૃતદેહ મળ્યો નહી. ત્યારે માહિતી પ્રમાણે, મૃતદેહ મળ્યા બાદ પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરશે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે પ્રદેશ ભાજપે ૨૮ ફેબ્રુઆરી સુધી વીબી-જી રામ જી અભિયાન માટે કવાયત તેજ કરી

અમદાવાદ,તા.૨૮



હવે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પડઘમ વાગી રહ્યા છે. સ્થાનિક સ્વરાજની આવનાર ચૂંટણી વિધાનસભા પૂર્વેની સેમિફાઈલ ગણાય છે. આ સત્તાની સેમિફાનલમાં માટે ભાજપે સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે ગ્રાઉન્ડ મજબૂત કરવા કવાયત તેજ કરી દીધી છે. એટલે કે ભાજપે તાજેતરમાં આવેલા વીબી-જી રામ જી (વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન) જનજાગરણ અભિયાન થકી ગ્રાઉન્ડ મજબૂત કરવા માટેની કવાયત તેજ કરી દીધી છે. આ અભિયાન અંતર્ગત ભાજપ ૨૯ જાન્યુઆરી દરમિયાન તમામ જિલ્લાઓમાં પ્રવાસ ખેડશે. તેમજ ૧ ફેબ્રુઆરીથી ૫ તમામ મંડલોમાં પ્રચાર પ્રસાર કરશે. જ્યારે ૫ ફેબ્રુઆરીથી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન દરેક તાલુકામાં શ્રમિક સંમેલન યોજાશે. જેમાં વિશાળ સંખ્યામાં શ્રમિકો ઉપસ્થિત રહેશે. ૧૬થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ભાજપા કિસાન મોરચા દ્વારા ખેડૂત શ્રમિક ખાટલા બેઠકોનું ગ્રામ્ય સ્તરે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકારના મંત્રીઓ, પ્રદેશ પદાધિકારીઓ, સાંસદો, ધારાસભ્યો તેમજ જિલ્લા ભાજપા પ્રમુખો અને જિલ્લા પંચાયતના પ્રમુખો તેમજ સંગઠન દ્વારા નિયુક્ત અભિયાનના જિલ્લાના સંયોજક અને સહ સંયોજક હાજરીમાં યોજાશે.


# ગુજરાતમાં ઘઉંની ટેકાના ભાવે ખરીદી માટે ૧ ફેબ્રુઆરીથી નોંધણી શરૂ થશે

અમદાવાદ,તા.૨૮

ગુજરાત સરકાર દ્વારા રવિ સિઝન ૨૦૨૬-૨૭ માટે ઘઉંની લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા આ વર્ષે ઘઉંના ભાવમાં વધારો કરી રૂ. ૨,૫૮૫ પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યા છે. જે ખેડૂતો પોતાના ઘઉં ટેકાના ભાવે વેચવા માંગતા હોય તેમણે ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત છે. જો ખેડૂતોને નોંધણી બાબતે કોઈ પણ મુશ્કેલી કે પ્રશ્ન હોય, તો તેઓ હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ અથવા ૮૫૧૧૧૭૧૭૧૯ પર સંપર્ક કરી શકે છે. ચણા, રાયડો અને જીરું જેવા રવિ પાકોની ટેકાના ભાવે ખરીદી માટેની પ્રક્રિયા શરૂ થઈ રહી છે. ખેડૂતો ૦૧ ફેબ્રુઆરીથી ૦૧ માર્ચ, ૨૦૨૬ સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકશે, જ્યારે ખરીદીનો સમયગાળો ૦૪ માર્ચથી ૧૫ મે, ૨૦૨૬ સુધીનો રહેશે. આ નોંધણી ગ્રામીણ કક્ષાએ VCE મારફતે ઓનલાઈન કરાવી શકાશે.

# ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં વિદેશી દારૂની ૧૦૦થી વધુ ખાલી બોટલો મળતા વિવાદ

અમદાવાદ,તા.૨૮



શિક્ષણના ધામને શર્મસાર કરતી વધુ એક વિવાદિત ઘટના બની છે. રાજ્યની સૌથી મોટી સરકારી યુનિવર્સિટી એવી ગુજરાત યુનિવર્સિટી ફરી એકવાર વિવાદમાં સપડાઈ છે. યુનિવર્સિટી હોસ્ટેલના પાછળના ભાગે જ્યાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ આવેલું છે તે વિસ્તારમાં વિદેશી દારૂની ૧૦૦થી વધુ ખાલી બોટલ મળી આવી છે. જો કે આ પ્રકારે દારૂની ખાલી બોટલ મળવાની ઘટના પ્રથમવાર નથી. અગાઉ પણ આ પ્રકારે દારૂની ખાલી બોટલ અને ગાંજાનો છોડ મળ્યો હતો. ત્યારે વધુ એકવાર સરસ્વતીના ધામમાં દારૂની મહેફિલ ચાલતી હોવાના અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલના ડી બ્લોકના ધાબા પર દારૂની ખાલી બોટલ મળી આવ્યાના વીડિયો સામે આવ્યા બાદ ચેક કરતા હોસ્ટેલના પાછળના ભાગે વિદેશી બ્રાન્ડના દારૂની ઢગલાબંધ ખાલી બોટલો મળી આવી હતી. આટલી મોટી માત્રામાં દારૂની ખાલી બોટલ મળવી એ ગુજરાત યુનિવર્સિટી માટે એક ગંભીર ઘટના છે. તપાસ કરતા કચરામાં દારૂની ૧૦૦થી વધુ ખાલી બોટલ જોવા મળી. એટલે ક્યાંકને ક્યાંક ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ કે યુનિવર્સિટીનો સ્ટાફ શંકાના દાયરામાં આવ્યા છે.

# કોડીનારમાં રહેણાંક મકાનના ભોંયરામાંથી ગીર સોમનાથ લોકલ ક્રાઈમ બ્રાન્ચે વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો

કોડીનાર,તા.૨૮



તસવીર : કુલદીપ પાઠક

ગીર સોમનાથ લોકલ ક્રાઈમ બ્રાન્ચે કોડીનારના જીન પ્લોટ વિસ્તારમાં દરોડો પાડી ભોંયરામાં છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. નિલેશ જાજડીયા અને ગીર સોમનાથ SP જયદીપસિંહ જાડેજાની સૂચના મુજબ LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી, ત્યારે મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. મુદ્દામાલની વિગતઃ તપાસ દરમિયાન મકાનના ભોંયરામાંથી અલગ-અલગ બ્રાન્ડની દારૂની ૧૦૩ બોટલો અને ૧૯ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે દારૂ અને મોબાઈલ સહિત કુલ રૂ.૪૧,૪૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે સ્થળ પરથી પ્રકાશ ઉર્ફે રવી રમેશભાઈ કામળીયાની ધરપકડ કરી છે, જ્યારે ઉનાનો ચીંતન ઉર્ફે ચીટ ગોસ્વામી હાજર ન મળી આવતા તેને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે. આ સફળ કામગીરી LCB પી.આઈ. એસ.વી. રાજપુત અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# ચૈતર વસાવા લુખ્ખો ધારાસભ્ય, બોલતી બંધ કરાવીશ : મનસુખ વસાવાના આકરા પ્રહાર

(એચ.એસ.એલ),નર્મદા,તા.૨૮




ગુજરાતના રાજકારણમાં આક્ષેપબાજીને કારણે હંમેશા ચર્ચાસ્પદ રહેતા નર્મદાના ભાજપ સાંસદ મનસુખ વસાવા અને ડેડિયાપાડાના આપના ધારાસભ્ય ચૈતર વસાવા હાલ ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. આ વખતે સાંસદ મનસુખ વસાવા એક કાર્યક્રમમાં જાહેર મંચ પર ડેડિયાપાડાના આપના ધારાસભ્ય ચૈતર વસાવાને 'લુખ્ખા' કહી સંબોધિત કરીને તેમની બોલતી બંધ કરવાની વાત કરતા આ વાત ખાસ ચર્ચાનો વિષય બની છે, જેના કારણે રાજકારણ પણ ગરમાયું છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે, ચૈતર એન્ડ કંપની અને આમ આદમી પાર્ટીએ આખા નર્મદા જિલ્લાને ગુજરાતભરમાં બદનામ કરી દીધો છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં ભાજપના યુવા આગેવાન પર નિવૃત્ત પોલીસકર્મી દ્વારા ગોળીબાર કરાતા ખળભળાટ

સુરેન્દ્રનગર,તા.૨૮



સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતના સદસ્યના પુત્ર અને ભાજપના યુવા પ્રમુખ સત્યજીતસિંહ પરમાર પર નિવૃત્ત પોલીસ કર્મચારી દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં સત્યજીતસિંહને પગમાં ગંભીર ઈજા થઈ છે અને તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ઘટના કાર પાર્કિંગના નાનકડા મુદ્દે થયેલી ઉગ્ર બોલાચાલીથી શરૂ થઈ હતી. આ બોલાચાલી ઝડપથી વધીને જૂની અદાવતમાં પરિવર્તિત થઈ ગઈ. નિવૃત્ત પોલીસ કર્મચારીએ ગુસ્સામાં આવીને બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

# અમદાવાદ મધ્યસ્થ જેલમાં 'વિકાસદીપ' યોજના હેઠળ બંદીવાનોના તેજસ્વી સંતાનોનું સન્માન કરાયું

અમદાવાદ,તા.૨૮



રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવના અધ્યક્ષ સ્થાને જેલની ચાર દિવાલો પાછળ સજા કાપી રહેલા બંદીવાનોના સંતાનો સમાજમાં ગૌરવભેર આગળ વધે અને સરકારી સેવાઓમાં જોડાય તેવા ઉમદા આશય સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં અમલી કરાયેલી 'વિકાસદીપ' યોજના અંતર્ગત અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે એક વિશેષ સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ. એન. રાવના અધ્યક્ષ સ્થાને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થયેલા બંદીવાનોના સંતાનોને રોકડ ઈનામ અને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.







